REGISTERED N. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપુજક બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું

# बुद्धिप्रभा.

## LIGHT OF REASON.

ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः

पुस्तक ४ थुं. मे. १९१२. वीर संवत २४३८ अंक २ जो.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| સ્વકાર્ય પ્રવૃત્તિ (કવિતા) ... | ૩૩ | એક ખેદકારક મૃત્યુ. (કવિતા) ... | ૪૭ |
| આગળ ચાલ. (કવિતા) ... | ૩૪ | પ્રાસંગીક ઉદ્ગાર. ... ... | ૪૮ |
| અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા. ... | ૩૪ | જૈન સાહિત્ય અને જૈનેતર સાહિત્યકારો. | ૫૦ |
| શ્રી વિજય દેવસુરી અને વિજયસિંહસૂરિ સમયની ઐતિહાસિક ચર્ચા. ... | ૩૯ | સમાલોચના... ... ... | ૫૨ |
| જીવનના અતિ મહત્ પ્રશ્નોના નિરાકરણ તરીકે પાશ્ચિમાત્ય સ્વરૂપમાં જૈનધર્મ. | ૪૩ | દિલસોજી. ... ... ... | ૫૩ |
| ધર્મ બન્ધુના ડુંગરોએ લીધેલ ભોગ. | ૪૫ | જીવદયા પ્રકરણ. ... ... | ૫૫ |
| | | દિવ્ય પિતૃ પ્રેમ. ... ... | ૫૭ |
| | | શ્રી હીર સૌભાગ્ય મહાકાવ્ય. ... | ૬૧ |

प्रसिद्धकर्त्ता—श्री अध्यात्मज्ञानप्रसारकमंडळ.

વ્યવસ્થાપક—અમદાવાદ શ્રીજૈનશ્વેતાંબર મૂર્તિપૂજકબોર્ડીંગ—

તરફથી શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ.

સુપ્રીન્ટેન્ડેન્ટ.

વાર્ષિક લવાજમ—પોસ્ટેજ સાથે રૂ. ૧—૪—૦ સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

# બાડાગ પ્રકરણ.

## આ માસમાં બોર્ડીંગને મળેલી મદદ.

૧૫૬—૦—૦ શ્રી મુંબઇમાં વસતા નીચેના સદ્ ગૃહસ્થોએ દરમાસે નીચે મુજબ રકમ આપવા કહેલી તે પૈકી આઠમા માસના હ. ઝવેરી. સારાભાઇ ભોગીલાલના બથી ઝવેરી. ચીમનલાલ સારાભાઈ.

૧૦—૦—૦ ઝવેરી લાલભાઇ મગનલાલ.
૧૦—૦—૦ ઝવેરી. મણીલાલ સવચંદ.
૧૦—૦—૦ ઝવેરી. અમૃતલાલ મોહોલાલભાઇ.
૧૦—૦—૦ ઝવેરી ભોળાભાઇ બાપાલાલ.
૭—૦—૦ ઝવેરી. અમૃતલાલ કાલીદાસ.
૧૧—૦—૦ ઝવેરી. ચંદુલાલ છોટાલાલ.
૧૦—૦—૦ શેઠ. મગનલાલ કંકુચંદ.
૧૦—૦—૦ ઝવેરી. લાલભાઇ માણેકલાલ.
૧૦—૦—૦ ઝવેરી. ઉદેચંદ ભાયચંદ.
૧૦—૦—૦ ઝવેરી. મોહનલાલ હીમચંદ
૫—૦—૦ ઝવેરી. મોહનલાલ ગોકલદા
૭—૦—૦ ઝવેરી. મોહનલાલ લલ્લુભાઇ બીજા દલાલોના મળીને.
૧૦—૦—૦ ઝવેરી. ભોગીલાલ મોહોલાલ
૧૦—૦—૦ ઝવેરી. માણેકચંદ કપુરચંદ.
૧૧—૦—૦ ઝવેરી. સારાભાઇ ભોગીલાલ.
૧૦—૦—૦ ઝવેરી. લાલભાઇ સારાભાઇ.
૫—૦—૦ ઝવેરી. જગાભાઇ ભોળાભાઇની.

૧૫૬—૦—૦

૭૫—૦—૦ શા. ઉજમલાલ સવચંદની વતી શા. ભોળાભાઇ ભોગીલાલ સાતભૈયા. બા. દર વરસે રૂા. ૨૫) પ્રમાણે ચાર વરસ સુધી આપવા સંકેત કરેલો તે પૈકી પં વરસના રૂા. ૨૫) સને ૧૯૧૧ માં આવેલા તે જતાં ત્રણ વરસના ( રૂ ૧૯૧૨-૧૩-૧૪ ) બાકી રહ્યા તે અગાઉથી ભર્યાં. અમદાવ

૨૩૧—૦—૦

જમણ. તા. ૨૬—૪—૧૯૧૨ ના રોજ દાદાસાહેબની પોળવાળા શા. મણીલાલ મોહનલાલ તરફથી વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

**સંવત ૧૯૬૮ ના વઇશાખ વદી ૭ ને વાર બુધવારના રોજ યોગનિ મુનિમહારાજ શ્રીમદ્ બુદ્ધિ સાગરજી મહારાજના ઉપદેશથી બોરસદના ઓસ બોર્ડીંગને નીચે મુજબ મદદ કરી છે.**

## મદદ કરનાર સદ્ગૃહસ્થનાં નામ.

૪—૦—૦ શા. ઝવેરદાસ ફત્તાજી.
૨—૦—૦ શા. ફુલચંદ નાથાજી.
૧—૦—૦ શા. મુલજીભાઇ રામદાસ.
૨—૦—૦ શા. મગનલાલ હરગોવિંદ.
૨—૦—૦ શા. બાપુલાલ મુલજીભાઇ.
૨—૦—૦ શા. જેસીંગભાઇ પુરસોત્તમ.
૨—૦—૦ શા. પુરસોત્તમ દોલાજી.
૨—૦—૦ શા. જેશીંગભાઇ કપુરચંદ.
૫૧—૦—૦ શા. ભીખાભાઇ લક્ષ્મિચંદ.
૨—૦—૦ શા. વ્રજલાલ દરગાજી
૧—૦—૦ શા. પોપટલાલ અમુલખ.
૨—૦—૦ શા. નહાનચંદ ભગવાનદાસ.
૦—૮—૦ શા. અમથાસા ગણુજીદાસ.
૧—૦—૦ શા. નગીનદાસ વેણીદાસ
૦—૮—૦ શા. મહીજીભાઇ છગનલાલ.
૧—૦—૦ શા. ચુનીલાલ અહેચરદાસ.
૩—૦—૦ શા. લલ્લુભાઇ ગીરધરદાસ.
૧—૦—૦ શા. ભીખાભાઇ ભાયચંદ.
૨—૦—૦ શા. ગાંડાભાઇ ઇશ્વરદાસ.
૧—૦—૦ શા. બકોરભાઇ નરસીદાસ.

( બાકીના નામ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જુ )

// बुद्धिप्रभा.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रदद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय-भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી મે. સન ૧૯૧૨ અંક ૨ જો

# स्वकार्य प्रवृत्ति.

કવ્વાલિ.

અનાશક્તિ ધરી અન્તર, ધરી ધીરજ થઈ નિશ્ચલ;
નિયમસર કાર્ય કરવાની, પ્રવૃત્તિ રાખ પોતાની. ૧
નિયમસર કાર્ય કરવાથી, વધે શક્તિ થતાં કાર્યો;
થતી સંકલ્પની સિદ્ધિ, પ્રમાણિકતા હૃદય પ્રગટે. ૨
અનુક્રમ કાર્ય અભ્યાસે, ક્રિયાયોગી બને માનવ;
અનુભવ આવશે તેનો, ધરી શ્રદ્ધા પ્રવૃત્તિ કર ! ૩
થશે આલસ્યનું સ્વપ્નું, ઘણા વિક્ષેપ ટળવાના;
સદા તું શક્તિ અનુસારે, પ્રવૃત્તિ યોગને આદર ! ૪
કરીશ નહિ શક્તિની બાહિર, ગમે તે ધર્મનું કાર્યજ;
લઈ શાન્તિ પુનઃ કરવું, ઉતાવળ ખૂબ નહિ કરવી. ૫
પ્રતિદિન શક્તિની વૃદ્ધિ, ક્રિયાઓ ધર્મની ફળશે;
અધિકારજ સફળ કરવા, કરીને કાર્ય શિર આવ્યાં. ૬
કુકાર્યોથી નિવૃત્તિ કર, સુકાર્યોમાં પ્રવૃત્તિ કર;
સુકાર્યોની ફરજ ત્હારી, વિવેકે ધર્મને આદર. ૭
ખરી નીતિ પ્રમાણિકતા, પ્રથમ પાયો ઉદયનો એ;
" બુદ્ધયબ્ધિ " ઝટ બની બહાદૂર, સવેળા કાર્ય કર ! ત્હારૂં. ૮

પોશ વદી ૧૦ ઉતરાયણ.

મુ. વલસાડ.

# આગળચાલ.

### કવ્વાલિ.

ઘણા ગ્રન્થો વિચારીને, હૃદયમાં સાર ખેંચીલે;
બની ગંભીર સાગરવત્, વિવેકે ચાલજે આગળ. ૧
રહીને આત્મના સન્મુખ, કરી લે ચિત્ત નિર્મલતા;
કરી પરિણામની શુદ્ધિ, વિવેકે ચાલજે આગળ. ૨
થઈ નિર્ભય સમર્પણ કર, પ્રભુને ચિત્તનું સઘળું;
નિરાશી શુદ્ધ પ્રેમી થઇ, વિવેકે ચાલજે આગળ. ૩
થઇને સાવધાન જ ઝટ, સ્મરણ કર કાર્ય શું કરવું;
જરાપણ ભૂલ નહિ કરતો, વિવેકે ચાલજે આગળ. ૪
રહ્યું જીવન કરીલે શુદ્ધ, ગયું તે આવતું નહિ ફેર;
ધરી સાત્વિક બુદ્ધિને, વિવેકે ચાલજે આગળ. ૫
ઉદય આવ્યું સહી લે દુઃખ, થઇને મરજીવો સુખવર;
અહંતાનો કરી સન્યાસ, વિવેકે ચાલજે આગલ. ૬
અધીરાઈ ધરીશ નહિ તું, ગમે તે દુનિયા બોલે;
હૃદયની સાક્ષી લેઇને, વિવેકે ચાલજે આગળ. ૭
તજીને બાહ્યની આશા, અધિકારે કરી લે કાર્ય;
"બુદ્ધયબ્ધિ" ભાવ લાવીને, વિવેકે ચાલજે આગળ. ૮

સં. ૧૯૬૮ પોશ વદી. ૧૧

મુ. વલસાડ.

---

# અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા.

અધ્યાત્મજ્ઞાન ખરેખર માતા સમાન છે. માતા જેમ પોતાનાં બાળબચ્ચાંઓનું લાલન પાલન કરે છે અને તેઓને અનેક દુઃખમાંથી બચાવે છે-પોતાના બચ્ચાંઓના ગુન્હા સામું જોતી નથી પણ તેમના ભલાને માટેજ સદાકાલ પ્રયત્ન કરે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ ભવ્ય જીવોની પુષ્ટિ કરે છે અને ભવ્ય જીવોમાં રહેલા અનેક દોષોરૂપ મળને દૂર કરે છે અને ભવ્ય જીવોની પુષ્ટિ કરીને પરમાત્મપદરૂપ મહત્તાને અર્પે છે. અધ્યાત્મજ્ઞાન ખરેખર ભાવ પિતાની ગરજ સારે છે. સાંસારિક પિતા પોતાના કુટુંબનું પોષણ કરે છે અને પોતાના કુટુંબને સુખી કરવા તન તોડ મહેનત કરે છે. શત્રુઓથી પોતાના કુટુંબનો બચાવ કરે છે. પોતાના પુત્રો અને પુત્રીઓને ભણાવે છે અને તેઓને શુભ માર્ગમાં દોરે છે તેમ અધ્યાત્મજ્ઞાનરૂપ ભાવ પિતા પણ વિરતિ આદિ કુટુંબનું પોષણ કરે છે અને અન્તરાત્માને જ્ઞાનાદિ પંચાચારનું

શિક્ષણ આપીને તેની પુષ્ટિ કરે છે-મૈત્રીઆદિ ભાવનાઓના અમૃતરસ વડે અન્તરાત્માનું પોષણ કરે છે અને ઉચ્ચગુણ સ્થાનકરૂપ શુભ માર્ગમાં પોતાના કુટુંબને દોરે છે અને પોતાની ફરજ બજાવીને આત્માના આન્તરિક કુટુંબની ઉન્નતિ કરે છે. અધ્યાત્મજ્ઞાન ખરેખર એક ઉત્તમ મિત્ર સમાન છે. ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રના હૃદયને પ્રફુલ્લ કરે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ અન્તરાત્માને પ્રફુલ્લ કરે છે. ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રનો સંકટ વખતમાં સાથી બને છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ અન્તરાત્મરૂપ મિત્રને અનેક પ્રકારનાં મોહરાજાએ કરેલાં સંકટોમાં સાથી બનીને અન્તરાત્માને મોહના દુઃખથી ઉગારે છે. ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રનો પ્રાણાંતે પણ વિશ્વાસઘાત કરતો નથી તેમ અધ્યાત્મજ્ઞાન પણ અન્તરાત્માનો કદાપિ વિશ્વાસઘાત કરવા પ્રવૃત્તિ કરતું નથી. ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રની દોષ દષ્ટિ ટાળીને તેની સદ્ગુણ દષ્ટિ ખીલવે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ અન્તરાત્મામાં રહેલા દોષો ટાળીને તેની સદ્ગુણ દષ્ટિ ખીલવે છે. અન્તરાત્માને પોતાનું શું કર્તવ્ય છે અને તે કેવી રીતે સિદ્ધ થાય તે સર્વને શિખવનાર અધ્યાત્મજ્ઞાન છે. ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રના ગુણો અને દોષો જાણે છે પણ તે દોષોની વાત કોઇ આગળ કરતો નથી અને ગુણોની સુગંધી સર્વત્ર ફેલાવે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ સર્વ જીવોના મિત્રસમાન છે. જેનામાં અધ્યાત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે તે સર્વ જીવોના ગુણોના સામું જુવે છે અને સર્વ જીવોના ગુણોની સુગંધીનો તે સર્વત્ર ફેલાવો કરે છે. મનુષ્યોના દુર્ગુણો તરફ તેનું લક્ષ્ય જતું નથી-દુર્ગુણોનો તે ફેલાવો કરતો નથી તેમજ દોષોને પ્રકાશીને કોઇના આત્માની લાગણીને દુઃખવતો નથી. અધ્યાત્મ જ્ઞાનથી સર્વ જીવો પોતાના મિત્રસમાન લાગે છે તેથી સર્વ જીવોપર મૈત્રીભાવના પ્રગટે છે તેમજ અધ્યાત્મજ્ઞાનથી સર્વ જીવોના ગુણો દેખવાની શક્તિ ખીલવાથી સર્વ જીવોના જે જે ગુણો હોય છે તે તે ગુણોને દેખી અધ્યાત્મજ્ઞાની પ્રમોદભાવને ધારણ કરે છે તેમજ સર્વ જીવોને દુઃખી દેખી તેમના ઉપર કારૂણ્યભાવના ધારણ કરે છે અને તેમજ ગુણહીનોને દેખી તેઓ મધ્યસ્થ રહે છે-ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રની ઉન્નતિ કરવામાં મ્હારૂં અને ત્હારૂં એવો ભાવ ધારણ કરતો નથી તે પ્રમાણે અધ્યાત્મજ્ઞાની પણ સર્વ જીવોને મિત્ર માની તેઓનું શ્રેયઃ કરવામાં મારૂં તારૂં એવો ભાવ ધારણ કરતો નથી. સર્વ જીવોને પોતાના મિત્રસમાન ગણવાની શક્તિ આપનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાનની દષ્ટિમાં સર્વ જગત્ એક કુટુંબસમાન ભાસે છે-ભગવદ્ગીતામાં કહ્યું છે કે.

॥ શ્લોક ॥

**अयं निज परोवेति गणना लघु चेतसां ।**

**उदार चरितानांतु—वसुधैव कुटुम्बकं ॥**

આ મારો છે અને આ પારકો છે એવી લઘુ મનવાળાઓની ભાવના છે-જેઓનું ઉદાર ચરિત છે તેઓને તો આખી પૃથ્વી પોતાના કુટુંબસમાન ભાસે છે. અધ્યાત્મજ્ઞાનથી આવી ઉત્તમ ભાવના ખીલવાથી જગત્માં ઉદાર ચરિતવાળા મનુષ્યો ઉત્પન્ન થાય છે અને તેથી તેઓ દુનિયાનું ભલું ગમે તે સ્થિતિમાં રહ્યા છતાં પણ કરે છે. અધ્યાત્મજ્ઞાનથી

આવી ઉત્તમ વિશાલ દૃષ્ટિ ખીલવવાને માટે ઉત્તમ જ્ઞાનીઓ મહા પ્રયત્ન કરે છે–ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રથી એકરૂપ બનીને તેના દોષોને ટાળે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ આત્માથી એકરૂપ હોઇને આત્મામાં રહેલા દોષો ટાળવાને પોતાની શક્તિ સ્ફોરવે છે–ઉત્તમ મિત્ર જેમ પોતાના મિત્રને સંકટના સમયમાં ત્યજતો નથી તેમ અધ્યાત્મજ્ઞાન પણ આત્માને દુઃખના સમયમાં ત્યજતું નથી પણ ઉલટું અધ્યાત્મજ્ઞાન ખરેખર સંકટના વખતમાં આત્માને ખરો આશરો આપવાને માટે સમર્થ બને છે. અન્તરમાં ઉત્પન્ન થનાર મોહના રાગાદિ યોદ્ધાઓ સામે ખરી ટેકથી ઉભો રહીને યુદ્ધ કરનાર, ખરેખર અધ્યાત્મજ્ઞાન જેના હૃદયમાં પ્રગટ્યું છે તેને અન્ય મિત્ર કરવાની જરૂર રહેતી નથી–ભય, ખેદ આદિ અશુભ વિચારોને આત્મામાં ઉત્પન્ન થતાંજ મારી હઠાવનાર અધ્યાત્મજ્ઞાન છે–જે મનુષ્યો અધ્યાત્મજ્ઞાનઉપર વિશ્વાસ રાખીને તેને પોતાના મિત્ર તરીકે સ્વીકારે છે તેઓને શોક ચિન્તા ભય વગેરે દુશ્મનોનો જરામાત્ર ભય રહેતો નથી.

અધ્યાત્મજ્ઞાનને જેઓ મિત્ર બનાવવા ધારે છે તેઓ આન્તરિક સૃષ્ટિમાં પ્રવેશ કરે છે પણ તેઓએ સમજવું જોઇએ કે અધ્યાત્મજ્ઞાનને મિત્ર બનાવવા માટે પ્રથમ બાહ્ય વસ્તુઓના મમત્વનો ત્યાગ કરવો જોઇએ–જેઓને અધ્યાત્મમિત્રઉપર શુદ્ધ પ્રેમ હોતો નથી તેઓના હૃદયમાં અધ્યાત્મજ્ઞાનની સ્થિતિ થતી નથી. મહારાજા શહેનશાહને ઘેર બોલાવવા હોય છે તો ઘરને કેવું સુશોભીત કરવું પડે છે અને તેઓને પોતાના પ્રેમની કેટલી બધી ખાત્રી આપવી પડે છે તે પ્રમાણે અધ્યાત્મજ્ઞાનને હૃદયમાં સ્થિર કરવા માટે મનમાં અત્યંત શુદ્ધ પ્રેમ અને શ્રદ્ધાને ધારવી પડે છે. શુષ્ક અધ્યાત્મીઓના હૃદયમાં ખરૂં અધ્યાત્મજ્ઞાન પ્રગટતું નથી–વાચિક અધ્યાત્મજ્ઞાન વડે કંઇ પોતાની ઉન્નતિ થતી નથી. વસ્તુતઃ અધ્યાત્મજ્ઞાન જ્યારે હૃદયમાં પરિણમે છે ત્યારે તેવું પારિણામિક અધ્યાત્મજ્ઞાન ખરેખર આત્માની શુદ્ધતા પ્રકટાવવાને સમર્થ બને છે અધ્યાત્મજ્ઞાન ખરેખર પોતાના ગુરૂની ગરજ સારે છે. ગુરૂ જેમ શિષ્યને અનેક શિક્ષાઓ આપીને ઠેકાણે લાવે છે અને શિષ્યને ગુણોની મૂર્તિરૂપ બનાવે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ આત્માને અનેક પ્રકારની શિખામણો આપીને આત્માને સ્વ સ્વભાવરૂપ નિજ ઘરમાં લાવે છે અને ક્ષયોપશમાદિ ભાવના અનેક ગુણોનું ધામભૂત આત્માને બનાવીને સાદિ અનન્તમા ભાગે સહજ સુખનો વિલાસી કરે છે. ગુરૂ જેમ પોતાના શિષ્યના શ્રેયઃમાં સદાકાલ પ્રયત્ન કર્યા કરે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ અન્તરાત્માની ઉન્નતિ માટે પ્રયત્ન કર્યાં કરે છે–ગુરૂ શિષ્યને પોતાના ઉપદેશવડે અનેક શિખામણો આપીને વિનયવંત કરે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ જગતના જીવોને અનેક શિખામણો આપીને અહંકાર દોષને ટાળી વિનયવંત બનાવે છે—અધ્યાત્મજ્ઞાન અને અહંકારને મેળ આવતો નથી. મુનિવરો અધ્યાત્મજ્ઞાનવડે અહંકારને જીતીને લઘુતા ગુણને ધારણ કરી વિનયનો પાઠ આખી દુનિયાને પઢાવે છે. અધ્યાત્મજ્ઞાનથી લઘુતા ગુણની જો પ્રાપ્તિ ન થાય તો સમજવું કે અમુકના હૃદયમાં અધ્યાત્મજ્ઞાન પરિણમ્યું નથી–અધ્યાત્મજ્ઞાન ખરેખર સૂર્યસમાન છે. આત્મસૃષ્ટિમાં રહેલી ઋદ્ધિનું દર્શન કરાવનાર અધ્યાત્મજ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશ વડે અન્તરાત્મારૂપ કમલ ખરેખર પ્રફુલ્લ થાય છે અને ભોગરૂપ જલથી નિર્લેપ રહે છે. અધ્યાત્મજ્ઞાનરૂપ સૂર્યના કિરણોવડે અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થાય છે. અધ્યાત્મ-

જ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી મનુષ્યો સર્વ વસ્તુઓનો વિવેક કરી શકે છે–અધ્યાત્મજ્ઞાનરૂપ સૂર્યની આગળ દુનિયાના પદાર્થોનું જ્ઞાન તે ચકચકતા તારાઓના સમાન શોભે છે. અધ્યાત્મજ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી આત્માના સર્વ ગુણોનું દર્શન થાય છે. અધ્યાત્મજ્ઞાન ખરેખર આ જગત્માં ચંદ્રની ઉપમાને ધારણ કરે છે–અધ્યાત્મજ્ઞાનરૂપ ચન્દ્રની શીતલતાથી મનુષ્યો આન્તરિક શાન્તિ ધારણ કરવાને માટે શક્તિમાન્ થાય છે. અધ્યાત્મજ્ઞાનરૂપ ચન્દ્રથી અનુભવરૂપ અમૃત ઝરે છે તેનું ઉત્તમ યોગીઓ પાન કરે છે–અધ્યાત્મજ્ઞાનરૂપ ચન્દ્રના પૂર્ણ ઉદયથી સમતારૂપ સાગરની વેલ વધે છે અને તેથી જગત્માં આનંદ મહોત્સવ થાય છે–અધ્યાત્મજ્ઞાનરૂપ ચન્દ્રનો પ્રકાશ જગત્માં પ્રસરતાં છતાં જગતમાં અપૂર્વ શાન્તિનો વાયુ વાય છે–અધ્યાત્મજ્ઞાન ખરેખર સાગરની ઉપમા ધારણ કરે છે. સાગર જેમ અનેક નદીઓથી શોભે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ અનેક શુભ અધ્યવસાયોરૂપ નદીઓથી શોભે છે-સાગરની ગંભીરતા જેમ જગત્માં વખણાય છે તેમ અધ્યાત્મજ્ઞાનની ગંભીરતા જગત્માં વખણાય છે–સાગરના કાંઠાને પામી મનુષ્યો જેમ વ્યાપાર કરી લક્ષાધિપતિ બને છે તેમ અધ્યાત્મજ્ઞાનરૂપ સાગરના કાંઠાને પામીને મહાત્માઓ જ્ઞાનદર્શન અને ચારિત્રનો વ્યાપાર કરી પરમાત્મપદરૂપ લક્ષ્મીના અધિપતિ બને છે–સાગરમાં અન્યલોકો વિષ્ણુ અને લક્ષ્મીનો વાસ માને છે તેમ અધ્યાત્મસાગરમાં પરમાત્મારૂપ વિષ્ણુ અને કેવલજ્ઞાનરૂપ લક્ષ્મીનો વાસ છે. સાગરને વલોવતાં ચઉદ રત્નો નીકળે છે તેમ અધ્યાત્મજ્ઞાનરૂપ સાગરને વલોવતાં આન્તરિક ગુણોરૂપ ચઉદ રત્નો નીકળે છે. સાગરનું દર્શન જેમ મંગલરૂપ મનાય છે તેમ અધ્યાત્મસાગરનું દર્શન ખરેખર મંગલરૂપ મનાય છે. સાગર જેમ ભરતીવડે કચરાને બહાર કાઢી દે છે તેમ અધ્યાત્મજ્ઞાનરૂપ સાગર પણ કર્મરૂપ કચરાને પોતાનાથી દૂર કરે છે. અધ્યાત્મજ્ઞાનરૂપ સાગરમાં મહાત્માઓ સદાકાલ ઝીલ્યા કરે છે, અધ્યાત્મજ્ઞાનરૂપ સાગરમાં અનેક રત્નો રહેલાં છે. અધ્યાત્મજ્ઞાનને પૃથ્વીની ઉપમા આપવામાં આવે છે. પૃથ્વી જેમ પોતાના ઉપર ખોટા અશુભ પદાર્થોને સહન કરે છે તેમ અધ્યાત્મજ્ઞાન પણ સર્વ પ્રકારના પરિષહો સહન કરવાને શક્તિમાન થાય છે. પૃથ્વી ઉપર જેમ અનેક વનસ્પતિયો ઉગે છે તેમ આત્મામાં પણ અનેક સદ્ગુણો ખીલી ઉઠે છે, સર્વ મનુષ્યોનો આધાર પૃથ્વી છે તેમ સર્વ ગુણોનો આધાર ખરેખર અધ્યાત્મ જ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાનને મેરૂ પર્વતની ઉપમા આપી શકાય છે. મેરૂ પર્વતનું ધૈર્ય પણ અધ્યાત્મ જ્ઞાનની આગળ હીસાબમાં નથી. અધ્યાત્મજ્ઞાનથી મનુષ્યોમાં ધૈર્યશક્તિની વૃદ્ધિ થાય છે અને તેથી તેઓ મોટાં મોટાં ધર્મકાર્યો કરવાને શક્તિમાન્ થાય છે. અધ્યાત્મજ્ઞાનથી આત્મશક્તિનો વિશ્વાસ આવે છે અને તેથી ધર્મના કાર્યોમાં જે જે વિઘ્નો આવે છે તેઓને મારી હઠાવી દેવામાં આવે છે અને કરેલા નિશ્ચયથી મન પાછું હઠતું નથી. હાથમાં લીધેલા કાર્યને કાયર મનુષ્યો વિઘ્નો આવે છતે તજી દે છે અને ઉત્તમ મનુષ્યો તો પ્રાણાંતે પણ હાથમાં લીધેલા કાર્યને ત્યજી દેતા નથી. પોતાની શક્તિમાં વિશ્વાસ ધારણ કરાવનાર અધ્યાત્મજ્ઞાન છે. મેરૂ પર્વત જેમ પોતાના સ્વસ્થાનનો ત્યાગ કરતો નથી તેમ અધ્યાત્મજ્ઞાન પણ આત્માને તજી અન્યત્ર જતું નથી. કલ્પવૃક્ષની પેઠે અધ્યાત્મજ્ઞાન ખરેખર મનુષ્યોને વાંછિત ફલ અર્પે છે. કલ્પવૃક્ષ કરતાં અધ્યાત્મજ્ઞાનની મહત્તા કંઇ જુદાજ પ્રકારની છે. અધ્યાત્મજ્ઞાનથી નિત્ય સુખની પ્રાપ્તિ થાય છે એવું લોકોત્તર પદ કદી કલ્પવૃક્ષ આપવાને માટે શક્તિમાન થતું નથી. બહિર બાગો કરતાં અધ્યાત્મ જ્ઞાનરૂપ બાગની

શોભા ઉત્તમ અને જુદા પ્રકારની છે. બાહ્ય બાગમાં જેમ અનેક પ્રકારના વેલાઓ શોભી રહેલા હોય છે અને તેમાં પ્રવેશ કરનારને શીતલતા અને સુગંધનો લાભ મળે છે તેમ અધ્યાત્મ જ્ઞાનરૂપ બાગમાં સમતાની શીતલતા અને ધ્યાનની સુગંધ મહમહે છે તેમાં પ્રવેશ કરનારને તેનો લાભ મળ્યા વિના રહેતો નથી. અધ્યાત્મ જ્ઞાન ખરેખર મેઘના સમાન ભવ્ય મનુષ્યોના જીવનનો આધાર છે. મેઘથી આખી દુનિયા જીવે છે તેમ અધ્યાત્મ જ્ઞાનથી ભવ્ય જીવો ભાવપ્રાણ ધારણ કરીને જીવી શકે છે મેઘથી જેમ પૃથ્વીપર સર્વત્ર બીજો ઉગી નીકળે છે અને તેથી પૃથ્વી લીલીછમ જેવી દેખાય છે તે પ્રમાણે અધ્યાત્મજ્ઞાનરૂપ મેઘથી અન્તરાત્મારૂપ પૃથ્વીમાં અનેક સદ્ગુણોનાં બીજો ઉગે છે અને તેથી અન્તરાત્મામાં સર્વત્ર ગુણોની શોભા વ્યાપી રહે છે. ભવ્ય જીવોમાં સર્વ પ્રકારના ગુણોના અંકુરાઓને પ્રકટાવનાર ખરેખર અધ્યાત્મજ્ઞાન છે. જેમ મેઘવિના જગત્માં દુષ્કાલ પડે છે અને જ્યાં ત્યાં મારામારી પ્રસરે છે અને તેથી જગત્માં મરણ, ખેદ, શોક અને અશાન્તિનું જોર વધતું જણાય છે તે પ્રમાણે અધ્યાત્મજ્ઞાન રૂપ મેઘની ભવ્ય જીવોપર વૃષ્ટિ થયા વિના મમત્વભાવરૂપ દુષ્કાલનું જોર વધે છે અને રાગ દ્વેષ ઇર્ષ્યા નિન્દા કલેશ વગેરે ચોરોનું જોર વધે છે તેમજ ભાવ પ્રાણને જીવાડનાર એવા અધ્યાત્મજ્ઞાનરૂપ મેઘવિના ભવ્ય જીવોના ભાવ પ્રાણ રહેતા નથી. દયા વગેરે ભોજ્ય પદાર્થો વિના દુનિયા શાન્તિ ભોગવી શકતી નથી અને તેથી તેનાવિના બાહ્ય અને અન્તર એ બે દશામાંપણ જગત્માં અશાન્તિ વ્યાપે છે. અધ્યાત્મજ્ઞાનરૂપ મેઘની સર્વ ભવ્ય જીવો ઇચ્છા ધારણ કરે છે. જેઓને અશાન્તિમાં આનંદની માન્યતા હોય છે તેઓ અધ્યાત્મજ્ઞાનરૂપમેઘને ઇચ્છતા નથી. અધ્યાત્મજ્ઞાનરૂપ મેઘની વૃષ્ટિ ખરેખર પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિ કરતાં અનંત ગણી ઉત્તમ છે. અધ્યાત્મ જ્ઞાનને નદીની ઉપમા આપવામાં આવે છે. અધ્યાત્માજ્ઞાનરૂપ નદીમાં મનુષ્યો સ્નાન કરે છે અને અસંખ્ય પ્રદેશરૂપ શરીર નિર્મળ બને છે. અધ્યાત્મજ્ઞાનરૂપ નદીનો પ્રવાહ જગત્માં વહ્યા કરે છે અને તે અન્ય જીવોને સહાય આપે છે. નદીથી જેમ ખેતરોને પાણી મળે છે અને ખેતી પુષ્કળ પાકે છે તેમ અધ્યાત્મજ્ઞાનરૂપ નદીના શુભ અધ્યવસાયજલથી અનેક મનુષ્યોનાં હૃદય ક્ષેત્ર પોષાય છે અને તેથી મનુષ્યોના હૃદયક્ષેત્રમાં ધર્મની ખેતી પાકે છે ભાવનાચંદન કરતાં પણ અધ્યાત્મજ્ઞાનની અલૌકિક ઉત્તમતા છે. કડાઇમાં ઉષ્ણ કરેલાં પાંચમણ તેલમાં બાવના ચંદનના રસનો છાંટો પાડવામાં આવે છે તો ઉષ્ણ થએલું લાલચોળ તેલ પણ ટંડું થઇ જાય છે તે પ્રમાણે મનુષ્યોના હૃદયરૂપ કડાઇમાં આત્માની પરિણતિ ખરેખર ક્રોધરૂપ અગ્નિથી લાલચોળ બની જાય છે તોપણ અધ્યાત્મજ્ઞાનની ભાવના રૂપ ચંદન રસ છાંટાઓને તેમાં પાડવામાં આવે છે તો આત્મામાં અત્યંત શાન્તતા ઉત્પન્ન થાય છે—અધ્યાત્મજ્ઞાનરૂપ બાવના ચંદનને પામીને કુરગડુએ ક્રોધને જીતી કેવલજ્ઞાન પ્રગટાવ્યું હતું ચંડરૂદ્રાચાર્યના શિષ્યે અધ્યાત્મજ્ઞાનરૂપ બાવના ચંદનનારસવડે પોતાના હૃદયમાં શીતળતા ધારણ કરીને કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને ધારણ કરી હતી.

# " श्री विजयदेव सूरि अने विजयसिंह सूरि समय आदिनी ऐतिहासिक चर्चा. "

શ્રી વિજયદેવસુરિ અને વિજયસિંહ સૂરિ સંબંધી પટ્ટાવલીઓમાં મતભેદ જોવામાં આવે છે. ઐતિહાસિક પુરાવાવિના આ વાતનો નિશ્ચય થતો નથી-હાલ સંવેગી સાધુઓમાં કેટલાક સંઘાડામાં જ્યારે કોઈ સાધુને દીક્ષા આપવામાં આવે છે ત્યારે કોટીગણુ વૈરીશાખા. આચાર્ય શ્રી વિજયસિંહ સૂરિ અને સકલચંદ્ર ઉપાધ્યાય વગેરે બોલવામાં આવે છે. શ્રીમદ્ આત્મારામજીના સંઘાડામાં શ્રીવિજયસિંહ સૂરિ-તથા સકલચંદ ઉપાધ્યનું નામ બોલાતું નથી. તેઓ વર્તમાનકાલના આચાર્ય અને ઉપાધ્યાયનું નામ બોલે છે-શ્રી સત્યવિજયજીના નિર્વાણમાં લખ્યું છે કે તેઓએ સં. ૧૭૨૦ ની સાલમાં ક્રિયોદ્ધાર કર્યો. તે વખતે શ્રી વિજયપ્રભસૂરિ વિદ્યમાન હતા તેમ છતાં સંવેગી સાધુઓમાં દીક્ષા આપતી વખતે શ્રી વિજયસિંહ સૂરિનું નામ કેમ બોલવામાં આવતું હશે. સં. ૧૭૨૮ ની સાલમાં શ્રી વિજયપ્રભ સૂરિએ શ્રી સત્યવિજયજીને પન્યાસ પદવી આપી છે એમ તેમના નિર્વાણથી સિદ્ધ થાય છે તેમ છતાં શ્રીવિજયસિંહસૂરિનું નામ શાથી દેવામાં આવે છે તે બરાબર સમજી શકાતું નથી. આ બાબતપર સાક્ષરવિદ્વાનો પોતાના અભિપ્રાયો પ્રગટ કરે તો ઐતિહાસિક બીનાપર ઘણું અજવાળું પડી શકે.

અત્ર જુદી જુદી પટ્ટાવલીઓના લેખો આપવામાં આવે છે.

પટ્ટાવલી જૂની-ભાવવિજય પાસેની ઓગણસાઠમી પાટે શ્રી વિજયસેન સૂરિ થયા. સાઠમી પાટે શ્રી વિજયદેવ સૂરિ થયા. તે સં. ૧૭૧૩ આશાઢ સુદી અગીયારસ ના રોજ સમાધિ મરણે દેવલોક પહોંચ્યા. એકસઠમી પાટે વિજયસિંહ સૂરિ થાપ્યા. હલારદેશે ત્રણ વર્ષ લગે આચાર્ય પદ ભોગવી સં. ૧૭૦૯ **વર્ષે કાલ કીધો.**

સં. ૧૯૦૧ ની સાલમાં લખાયલી પટાવલી પત્ર ૧૦-ભાવવિજયની-સં. ૧૭૮૧ વૈશાખ સુદી ૬ ના રોજ સાંભલીમાં સૂરિપદ સં. ૧૭૦૯ વર્ષે આચાર્ય શ્રી વિજયસિંહ સૂરિ સ્વર્ગે ગયા-આચાર્ય શ્રીવિજયદેવ સૂરિ સં. ૧૭૧૩ ના વર્ષે આશાઢ સુદી ૧૧ ના રોજ ભરણી નક્ષત્ર-રવિવાર-ઉના ગ્રામમાં અણસણ કરીને સ્વર્ગે ગયા. તતપટ્ટે વિજયપ્રભ સૂરિ થયા. સં. ૧૭૪૯ સોરઠ દેશ ઉનાનગરે સ્વર્ગે ગયા. કચ્છદેશ મનોહર ગ્રામ શેઠ. શિવગણુ અને નાણીના પુત્ર હતા.

તેના પટ્ટપર વિજયરત્નસૂરિ થયા તે પાલણપુરના હીરા શેઠ અને હેરાદે ના પુત્ર હતા. સં. ૧૭૭૩ માં સ્વર્ગે ગયા. તેમના પટ્ટપર વિજયક્ષમા સૂરિ થયા.

સં. ૧૭૮૪ માંગરોલ મધ્યે સ્વર્ગે ગયા. તત્પટ્ટે વિજયદયા સૂરિ થયા.

સં. ૧૮૦૯ ચૈત્ર વદી ૮ અષ્ટમીએ ધોરાજીમાં સ્વર્ગે ગયા તત્પટ્ટે વિજયધર્મ સૂરિ થયા. સં. ૧૮૪૧ ના કાર્તિક વદી દશમીના રોજ મારવાડના બાલુંદા નગરમાં સ્વર્ગે ગયા. તત્પટ્ટે વિજય જિનેન્દ્ર અને તત્પટ્ટે વિજય દિનેન્દ્ર થયા તે વડોદરામાં સ્વર્ગે ગયા.

સં. ૧૮૫૨ ના શ્રાવણ સુદી ૧૩ તેરસને દીને શ્રી મીયા ( મીયા ગામ ) મધ્યે લખાયલી પટ્ટાવલીમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

શ્રીવિજય સેન સૂરિની પાટે શ્રી વિજયદેવ સૂરિ થયા. ઉદયપૂરે રાણા જગતસિંઘને મહાવાદલ મોહોલિવાદ કરતાં જીત્યા તેમણે ૩૭ સાડત્રીશ પ્રતિષ્ઠાઓ કરાવી. સાંબલી નગરે ૧૬૮૧ વૈશાખ સુદી ૬ છઠ્ઠ શ્રી વિજયસિંહસૂરિ થાપ્યા સં. ૧૬૮૭ શ્રી વિજયાનંદ સૂરિ નો ગચ્છ શેઠ શાંતિદાસ મણીયા તેણે કાઢ્યો. તથા સાગરનો ગચ્છ રાજસાગરથી ચાલ્યો અને તે અમદાવાદના શેઠ શાંતિદાસે ગચ્છ કાઢ્યો સં. ૧૭૦૮ વર્ષે આચાર્ય શ્રી વિજયસિંહ સૂરિ સ્વર્ગે ગયા.

૫૯ શ્રી વિજય સેન સૂરિ.

૬૦ શ્રી વિજયદેવ સૂરિ.

૬૧ શ્રી વિજયપ્રભ સૂરિ.

૬૨ શ્રી વિજયરત્ન સૂરિ.

૬૩ શ્રી વિજયક્ષમા સૂરિ.

૬૪ શ્રી વિજયદયા સૂરિ.

૬૫ વિજયધર્મ સૂરિ.

૬૬ શ્રી વિજયજિનેન્દ્ર સૂરિ. સં. ૧૮૮૬ માગશર વદી ૧૨ બારસ સિરોહીમાં દેહોસર્ગ

૬૭ દેવેંદ્ર સૂરિ.

સં. ૧૮૪૭ ના વર્ષે આસાડ વદી ૧૦ ના રોજ પં તત્વવિજયે ઓરપાડ ગામે સંસ્કૃત ભાષામાં પટ્ટાવલી લખી છે તેનો ઉલ્લેખ નીચે પ્રમાણે.

श्री विजयसेनसूरि पट्टे श्री विजयदेवसूरिः तस्यविक्रमतः १६३४ इलादुर्गे उकेश ज्ञातीय सा थिरमल्ल पत्नी रुपां गृहे जन्मः विक्रमतः १६४३ वर्षे दीक्षा, क्रमेण १६५६ वर्षे श्री स्तंभतीर्थ बंदिरेषु सा. श्रीमल्लगृहे अष्टादश सहश्र रूप्पकव्ययेन सूरिपदं दापितं तथा येषांच विक्रमतः सं. १६६८ वर्षे श्री पत्तन नगरे पंचदश सहश्र रुप्पकव्ययेन वंदन कदानं कारितं क्रमेण चयेन दक्षिण कर्णाट गुर्जर मरुधर सौराष्ट्र प्रमुख देशेषु अनेकशो जिनबिम्ब प्रतिष्ठां प्रतिष्ठाप्य श्रीमज्जिनशासनं जाग्रत् प्रभावं विहितं तथा क्रमेण विहारं कुर्वाणाः मेदनीपुरं प्राप्ताः तत्रचशा जयमल्लपत्नी नायकदे तत्पुत्र त्रयान् महामहपुरस्सरं मात्राजितवान क्रमेण चइलादुर्गे सं. १६८१ वर्षे पंडित कनक विजयाख्य स्वयोग्यं विज्ञाय अनुचानपदं दत्तवान तस्यच १६८४ वर्षे मेदनीपुरे वंदन कदानं क्रमेण श्री विजयसिंह सूरिरपि विहारं कुर्वन उदयपुरं प्राप्तवान् तत्र स्वगिरा राणकं प्रतिबोधवान क्रमेण दैवयोगात १७०० श्री राजनगरे सम्यगाराधनपुरस्सरं आषाढ शुक्ल द्वितीया दीने स्वर्गभाग । तदनन्तरं श्री विजय देवसूरिणा स्वपट्टे विजयप्रभ सूरि स्थापितः क्रमेण श्री विजय देवसूरि गुर्जरत्रया

विहृत्य बहून भव्यान् प्रतिबोध्य सौराष्ट्र देशे श्री शत्रुंजय ( यात्रां ? ) विधाय श्री द्वीपबन्दिरेतु १७१४ वर्षे स्वर्गभाक् इति पट्टी सत्तमः तत्पट्टे विजयसुरिः तस्य विक्रमतः १६७७ वर्षे कच्छ देशे मनोहरपुरे सा शिवगण पत्नी भाणी गृहेजन्म १६८७ वर्षे दीक्षा तस्यक्रमेण १७१० वर्षे वैशाख सुदि १० दिने श्री गंधार बंदिरे अष्टादशसहश्ररुप्यकव्ययेनसूरिपदं, येषांच विहारादौ तुर्यमासावस्थितौच युगप्रधान समानातिशयाः प्रत्यक्ष सिद्धा एव क्रमेण सौराष्ट्रे चातुर्मासकान् विधाय १७२३वर्षे गुर्जर यात्रा यं संप्राप्ता स्तत्रापि शुकालादिना युग प्रधानत्वं सर्वजन प्रतीतमेव पत्तनादौ चातुर्मासीं विधाय क्रमेण उदयपुरे तदधीशाज्ञा पूर्वकं प्रतिष्ठांतत्र विधाय मरुस्थल्यां मेदनीपुर प्रमुख नगरेषु चातुर्मासीं विहितवंत इत्यादि.

આ પટ્ટાવલીના પાઠથી પણ કેટલુંક જાણવાનું મળે છે. શ્રી વિજયદેવ સૂરિએ સં. ૧૭૧૪ ની સાલમાં સ્વર્ગ ગમન કર્યું એમ લખવામાં આવ્યું છે પણ અમોને સં. ૧૭૧૩ ની સાલનો પાઠ બળવાન લાગે છે. શ્રી વિજયપ્રભ સૂરિની વૈરાગ્ય દશા અને મહાત્મ્ય સમ્યગ્ અવલોકાય છે. શ્રી વિજયસિંહ સૂરિ અમદાવાદમાં સ્વર્ગ ભજનારા થયા એવું આપટ્ટાવલીથી સાબીત થાય છે. આ પટ્ટાવલીમાંથી ચંદન કહાનની પ્રવૃત્તિ જણાઇ આવે છે તે સંબંધી વિશેષ માહિતી મળતાં કંઇક લખીશું. શ્રી વિજયસિંહ સૂરિની આચાર્યપદવી સાબલીમાં થઇ એમ જણાવ્યું છે અને આ સંસ્કૃત પટ્ટાવલીમાં તોલ્હકરનું નામ દેખવામાં આવે છે. તેના નિર્ણય માટે અન્ય પટ્ટાવલીઓની અપેક્ષા રહે છે.

શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયના શિષ્ય શ્રી તત્વવિજયજી પંડિત થયા છે અને તેમની બનાવેલી અમારી પાસે ચોવીશી છે તેમણે શ્રીમદ્ વિજયપ્રભ સૂરિનો સ્વાધ્યાય બનાવ્યો છે તે પણ તે વખત અને તે વખતના આચાર્ય સંબંધી કરેલું અજવાળું પાડે છે માટે તે સ્વાધ્યાયને અત્ર લખવામાં આવે છે.

सरसति चरण पसाउलेरे, प्रणमी निजगुरु पाय. मनमोहना.
गच्छपतिहरखेगाइएरेलाल, श्री विजयप्रभसूरिराय मनमोहना. ॥ १ ॥
सूरिशिरोमणि वंदीएरेलाल, श्री विजयदेव सूरिपाटवीरे.
जिनशासन सुलतान ॥ मन ॥ अंशवंशशिर सेहरोरेलाल
प्रगट्यो परम निधान, मन ॥ २ ॥ सूरि ॥
हरखे हइडुं उलसेरे, गुरुमुख देखण काज । मनमोहना
चातक वंछे मेहनेरेलाल, जिमरेवा गजराज. ॥ मन ॥ सूरि ॥ ३ ॥
नासिका दीपशिखाजिसीरे, लोचन विमल विशाल ॥ मन ॥
दशन पंक्ति रुअडीबनीरेलाल, अष्टमीससी समभाल ॥ मन ॥ सूरि ॥ ४ ॥
सारद ससि मुखचंदलोरे अधर प्रवालीलाल. ॥ मन ॥

कंबुकंठकर सुन्दरुरेलाल, हृदय अतिहि विशाल. ॥ मन ॥ सूरि ॥ ५ ॥
अनुपम सूरति ताहरीरे, मोहे सुरवरभूप. ॥ मन ॥
नरनारी टोले मलीरेलाल, निरखे सुभग स्वरूप. ॥ मन ॥ सूरि ॥ ६ ।
मही कांठे मोटुं अछेरे, सुंदर नयर गंधार ॥ मन ॥
तिहां श्री विजयदेवसूरी सरेरेलाल, थाप्या निजपट्टधार.॥ मन॥ सूरि ॥७॥
वैशाख सुदि दशमी दिनेरे, ओच्छव अतिहि मंडाण. ॥ मन ॥
साहिब देवित्त वावरेरेलाल, जनमकरे सुममाण. ॥ मन ॥ सूरि ॥ ८ ।
संघ मल्या बहु देशनारे, खरचे द्रव्य अपार ॥ मन ॥
याचकदान पामे घणुंरेलाल, जाणे वरसे मेघधार. ॥ मन ॥ सूरि ॥ ९ ।
श्री विजयप्रभसूरितणांरेलाल, सिधां वंछितकाज. ॥ मन ॥
राय पुण्याढ्यतणी परिरेलाल, पाम्या तपगच्छराज. ॥ मन ॥ सूरि ॥१०॥
लबधि गौतम समोवडेरे, बुद्धि अभय कुमार ॥ मन ॥
सीलिं थूलि भद्रसाचलोरे, तपगुणे धन्नो अणगार. ॥ मन ॥ सूरि ॥ ११ ॥
जिन शासन शोभा करुरे, शिवगण कुल शिणगार ॥ मन ॥
मात भाणी उरिं धर्योरेलाल, चउव्विहसंघ आधार. ॥ मन ॥ सूरि ॥१२॥
साथ संवेगी सोहतारे, बुध नयविजय महंत ॥ मन ॥
सकल पंडित मुगुटावलीरेलाल, तस सीसजसगुणवंत. ॥ मन ॥ सूरि ॥१३॥
सीस तत्त्व भाव भणेरे, गुरु मतापो कोडी वरीस ॥ मन ॥
एहवा गुरु थुणतां थकांरेलाल, पुगी मनहजगीस. ॥ मन ॥ सूरि ॥१४॥

---

काश्मीरी मनमां धरी, अति उलटिहो वाणी दिओ सारके
थुणसुं श्रीतप गच्छधणी, मुज हियडेहे अति हर्ष अपारके
मुजरो हमारो मानजो, गुणवंता हे श्री विजयप्रभसूरिकि
मुख दीठे हे दुःख नासेदूरिकि ॥ मुजरो ॥ १ ॥
श्री विजय देवसूरीसरेजी, पाटे प्रगट्यो हे अभिनवो एदिणंदके.
गुरुदरिसन सहु वांच्छता, प्रहउठी हे नमे सुरनरवृंदाकि. मुजरो ॥ २ ॥
गुरु मुख पूनिमचंदलो, देखी हरखे हे भविक चकोरकि,
जेहने जेहशुं प्रीतडी, मेह देखी हो हरखे जिम मोरकि. मुजरो ॥ ३ ॥
चंद्र मुखी सरिखीमली, मृगनयणी हो मनने उल्लासकि.

सोलशृंगारभलाकरी टोले टोले हे गाए गुरुगुण भासकि. मुजरो ॥ ४ ॥
शिवगण शा सुत सुन्दरु, मात भाणी हे सीले सिरदारकि;
वीरकुमर जेणे जनमीआ, सुखकारी हे तपगच्छजयकारकि. मुजरो ॥ ५ ॥
सोहम जंबु सारिखो, गुरु पाम्यो हेमें पुण्य पसायकि
नित नित उठी जेहना, पायनमतां हो आणंद थायकि. मुजरो ॥ ६ ॥
पंडित माहि पुरंदरु, श्रीनय विजयहे गुरुजी सुखकारकि.
सीस श्रीजस चूडामणी, तससेवक हे तत्त्व विजय जयकारके. मुजरो ॥ ७ ॥

अपूर्ण.

---

# जीवनना अति महत् प्रश्नोना निराकरण तरीके पाश्चिमात्य स्वरुपमां जैनधर्म.

( હરબર્ટ વૉરનના અંગ્રેજી લેખનો અનુવાદ. )

---

## ભાગ ૧ લો.

---

### પ્રસ્તાવના.

જીંદગીમાં સુખ હોય કે દુઃખ હોય જ્યાં જીંદગી સર્વને પ્રિય છે દુઃખની હયાતી, તેમાં-થી બચાવ, તેનો વિનાશ, સુખની વૃદ્ધિ—આ પ્રશ્નોના ખુલાસાની ઇચ્છા એ ધર્મનો પાયો છે. દુઃખ કેમ દૂરકર કરવું, દુઃખની હયાતી શા કારણથી છે તે સમજાવવું, અને જીવનનું સુખ કેમ વધે તે જણાવવું એ ધર્મનો ઉદ્દેશ છે.

દુઃખથી મુક્ત થવાને અને સુખ વધારવાને ધર્મ જે સાધનો બતાવે છે, તેમાં મુખ્ય એ છે કે જીવો અને બીજાને જીવવા દો, તેમજ સત્યવાદી, પ્રમાણિક, પવિત્ર, સંતોષી, માતૃપિતૃભક્ત, ગુરૂભક્ત અને દેવભક્ત થાઓ. પણ આ આજ્ઞા પ્રમાણે ચાલવું એ કાંઈ સરલ કામ નથી, કારણ કે આવું વર્તન રાખવાને કોઇ પણ પ્રકારની દૃઢ શ્રદ્ધાની ખાસ આવશ્યકતા છે.

શુભ અને અશુભ, સુખ અને દુઃખની બાબતમાં જૂદા જૂદા ધર્મો જૂદી જૂદી પ્રકારની માન્યતાઓ ધરાવે છે; અને અશુભ તત્ત્વ તેમજ દુઃખની હયાતી શા કારણથી છે, તે બાબતનો જે ખુલાસો તેઓ આપે છે, તેથી લોકો થોડે ઘણે અંશે સંતોષ પામે છે. એક પક્ષ એમ જણાવે છે કે આ વિશ્વને નિયમમાં રાખનાર સર્વ શક્તિમાન્ અને દયાળુ જગત્કર્ત્તા પ્રભુ છે, ત્યારે બીજો પક્ષ અનાત્મવાદી—જડવાદી—નાસ્તિકતાનો છે. આ બીજો પક્ષ એમ પ્રતિપાદન કરે છે કે અમુક જડપદાર્થના પરમાણુઓથી આ ચૈતન્યની ઉત્પત્તિ થઇ છે, અને મરણ સમયે તે ચૈતન્ય પણ વિનાશ પામી જાય છે, પણ જેઓ આ બન્ને પ્રકારની

દલીલોથી સંતોષ ન પામ્યા હોય, તેવાઓને વાસ્તે આ પુસ્તકમાં એક નવા પક્ષની રૂપરેખ આપવામાં આવી છે.

આ મત એમ નથી જણાવતો કે આત્મા નથી, તેમજ આવા સર્વજ્ઞાન ધરાવનાર આધ્યાત્મિક ગુરૂઓના જીવન અને ઉપદેશના સંગ્રહરૂપ જૈન ગ્રન્થો છે. અને આ પુસ્તકમ લખેલા વિચારો પણ આવા ગ્રન્થોમાંથીજ લીધેલા છે. જૈનોના તીર્થંકરો મનુષ્ય રૂપે આ પૃથ્વીપર વસતા હતા. આ મૂળમાંથી આપણને આ જ્ઞાન મળ્યું છે.

કયા સ્થળમાંથી આ સિદ્ધાંતો આવ્યા છે, એ લક્ષમાં ન લેઇએ તોપણ તેમન પોતાના ગુણોથીજ તેઓ સંતોષ જનક અને દિલાસો આપનારા છે. તેઓ જીવને અશુભ માર્ગે જતો બચાવે છે, તેઓ હૃદયની તરસ છીપાવે છે, બુદ્ધિની કસોટીમાં અડગ રહે છે, અને તેઓ મનુષ્યને સ્વતંત્ર બનાવે છે—અમુક આજ્ઞાઓ તમારે માનવીજ જોઇએ એમ નથી. નીતિના અને આત્મિકતાના અમુક ઉચ્ચ ધારણને અનુકળ જીવનને બનાવવું તેનું નામ ધર્મ છે, અને આ સિદ્ધાંતો તેવું ધારણ સૂચવે છે. પોતાના અન્ય માનવ બંધુઓ સાથેના તેના વર્તનમાં તેમજ તેના ભવિષ્યના સંબંધમાં આ સિદ્ધાંતો ઘણાજ જરૂરના છે. પોતાને તથા પરને દુઃખથી કેમ મુક્ત કરવાં અને પોતાનું તથા પરનું સુખ કેમ વધારવું તે આ સિદ્ધાંતો શિખવે છે. માટે આ સિદ્ધાંતો કેવળ તત્ત્વ જ્ઞાન રૂપે નથી પણ ધર્મ રૂપ છે, અને તે હૃદયના ધર્મ રૂપ છે, કારણ કે તેઓનો સુવર્ણ મુદ્રાલેખ અહિંસા છે, અને જૈન ધર્મની આખી ઇમારત પ્રેમ ઉપર રચાઈ છે. દુઃખના પ્રસંગે તેમજ મરણ સમયે આ શ્વાસન આપનાર જો કાંઈ હોય તો તે ધર્મ છે. ધર્મને માનનાર હોય યા ન પણ હોય, પણ ધર્મનું ઉપરનું તત્ત્વ ખરૂં છે.

જીવનના પ્રશ્નોનો જૈનધર્મ શો ખુલાશો આપે છે, તે બતાવવાને આ પુસ્તક લખવામાં આવ્યું છે.

અને સામાન્ય રીતે કહીએ તો કોઇ જગત્કર્તા હતો એવા સિદ્ધાંતથી તેનો પ્રારંભ થતો નથી પણ તે એમ પ્રતિપાદન કરે છે કે દરેક આત્મા પોતાના ભવિષ્યનો નિયંતા છે, દરેક આત્મા અમર છે, અને અહીં તથા હવે પછી શાશ્વત સુખ મેળવવાને જરૂરના સાધન તરીકે ઉંચામાં ઉંચા પ્રકારનું પવિત્ર જીવનજ ઉપયોગી છે.

જે માન્યતાઓમાં આપણો જન્મ થયો હોય, તે માન્યતાઓને બદલે જ્યાં સુધી પ્રશ્ન ટીકા અને નવી યોજનાથી આપણે નવી માન્યતાઓને સ્થાન ન આપીએ ત્યાં સુધી આપણે તેને વળગી રહીએ છીએ.

આપણી માન્યતાઓનું પ્રથમ પગથીયું ખસવા માંડતા આપણે સ્વાભાવિક રીતે એ પ્રશ્ન પુછીએ છીએ કે આપણે કોને માનવું ? સઘળા દશ્ય તેમજ અદશ્ય જીવોમાંથી કોના શબ્દને આપણે પ્રમાણ ભૂત ગણવો ? જો એમ જણાવવામાં આવે કે ઇશ્વરના શબ્દને સત્યવચન તરીકે કબુલ કરવો જોઇએ તો પ્રશ્ન એ ઉઠે છે કે જે દેવના શબ્દને આપણો સત્યવચન તરીકે અંગીકાર કરીએ તે દેવનાં શાં લક્ષણો હોવાં જોઇએ ? જો આપણે દેવનાં લક્ષણો ન જાણતા હોઇએ તો કોઇ સત્તાના લોભી અને ક્રૂર નિયમ પ્રવર્તકના વચનને ઇશ્વરના વચન રૂપ માનવાને ભૂલથી દોરવાઇએ.

બોલાયેલા, લખાયેલા કે પ્રેરિતા કોઈ પણ ઉપદેશ છેવટનું મૂળ તે જ્ઞાન છે. ગમે તેવો કોઇ સત્તાધારી હોય. પણ જો તેનામાં જ્ઞાન ન હોય તો તે ઉપદેશ આપી શકે નહિ. જૈન

ધર્મની એવી માન્યતા છે કે ક્રોધ દ્વેષ અને મોહના તત્ત્વોથી રહિત જે જ્ઞાન છે તેજ સત્ય-જ્ઞાન છે. તે સર્વજ્ઞ છે તેજ મુક્તિ તરફ લેઇ જનાર સદાચરણનો ઉત્તમ માર્ગ બતાવી શકે અને જેનામાં દ્વેષ, મોહ કે રાગ હોય તે કદાપિ સર્વજ્ઞ થઇ શકે નહિ.

જૈનોના અધ્યાત્મિક ગુરૂઓ (તીર્થંકરો) સર્વજ્ઞ હતા અને દરેક પ્રકારના દોષ તથા વિકારોથી રહિત હતા. આપણે તેમજ સઘળા જીવો એક અપેક્ષાએ અસૃષ્ટ, સ્વયંભૂ અમર આત્માઓ છીએ, ચૈતન્ય અને લાગણી સહિત છીએ, અને આપણું આત્મતત્વ કદાપિ વિનાશ પામવાનું નથી. આપણે બીજાઓ સાથેના આપણા વર્તનને સારૂ તેમના જોખમદાર છીએ, તેમજ આપણી હાલની સ્થિતિને સારૂ પણ આપણે આપણી જાતેજ જોખમદાર છીએ. આપણે અજ્ઞાની, દુઃખી, નિર્દય, ઘાતકી, નિર્બળ હોઇએ, તો તેનું કારણ અત્યાર સુધીની આપણી જીંદગી તેમજ પૂર્વભવોમાં કરેલાં આપણાં કર્મો છે. સૂક્ષ્મ, અદૃશ્ય છતાં પ્રકૃતિમય પરમાણુઓના બનેલા કર્મોને આપણે ગ્રહણ કરીએ છીએ, અને તે કર્મો આપણી સ્વાભાવિક બુદ્ધિ, જ્ઞાન, આનંદ, પ્રેમ, દયા, આત્મબળને પ્રકટ થતા અટકાવે છે, અને અકુદરતી કામો કરવાને જીવને પ્રેરે છે.

જ્યાં સુધી આપણા અંતઃકરણ અને બુદ્ધિને અનુસારે જેને આપણે ખોટું માનતા હોઇએ, અને જે કર્મના ઉદયને લીધે પ્રકટ થવા ઇચ્છતું હોય, તેવી વૃત્તિઓ અને વલણોને દાબીને અસ્વાભાવિક જીવનનો ત્યાગ કરીએ નહિ ત્યાં સુધી ઉચ્ચ જીવનને લીધે મળતી અપૂર્વ શાન્તિ, અને આનંદની શાશ્વત સ્થિતિ ( મોક્ષ ) શ્રદ્ધા ગમ્ય અને કેવળ શબ્દ ગમ્ય રહેવાના.

આ લેખકની સમજ શક્તિ અનુસાર જૈન અર્હતોનો આ સિદ્ધાંત છે, ગમે તે રીતે પણ તે શુભ, અશુભ અને અમરત્વનો બુદ્ધિગમ્ય સિદ્ધાંત છે.

આપણે પવિત્ર સ્થિતિમાંથી પતિત થયા છીએ, એ વાદ કબુલ કરવામાં આવતો નથી. કારણ કે પવિત્રતાની છેવટની સ્થિતિમાંથી મનુષ્ય પડી શકે, એ વાદનો જો સ્વીકાર કરવામાં આવે તો શમ્ દમ, તપ અને પવિત્ર જીવનથી શાશ્વત સુખ મળી શકશે એવી ખાત્રી આપી શકાય નહિ. અને પવિત્ર સ્થિતિમાં અપવિત્રતાનો સંભવ નથી તો પછી જે સ્થિતિમાં આપણે બીજાને હેરાન કરીએ કે નુકશાન કરીએ તેવી સ્થિતિમાં પડવાનુ કાંઇ પણ કારણ રહેતું નથી.

આ પ્રમાણે આ વિષયનો સામાન્ય હેવાલ રજુ કરવામાં આવ્યો છે. હવે આપણે આ વિષયના પેટાભાગ પાડીએ. આ વિષયના ચાર ભાગ પડી શકશે. ૧, વિશ્વ. (૨) મનુષ્યની વર્તમાન સ્થિતિ (૩) મનુષ્યની ભાવિ સ્થિતિ (૪) અને તેના ઉપાયો બીજા ભાગમાં આપણે તે સવિસ્તાર ચર્ચીશું.

# समुद्रमां बरफना डुंगरोए लीधेला भोग.

( લે. મધુકર. )

[ શોકમાંથી પણ-સાર ખેંચતો ઉપનય. ]

જીવન એક અગાધ વિસ્તીર્ણ અને ભયંકર સમુદ્ર છે. છતાં કવચિત્ તે શાન્ત અને સુંદર જણાય છે. પરમાત્મ પ્રકાશ તેના ઉપર વિલસે છે અને જલમાં તેના પ્રત્યેક રંગની

લહેરો રમતી દેખાય છે, વળી થોડીજ વારમાં કાળાં વાદળાં ભેગાં થઇ આવે છે, દૈવરૂપી દુર્ઘાંતનું તોફાન મચે છે, ત્યારે ભાગી ગયેલા લઘુ નાવનાં પાટીઆં ઉપર આશા, માથે હાથ દેઇ અશ્રુપાત કરતી બેસે છે. પ્રતિ મનુષ્યોને આ સમુદ્ર ઉપર લાંબી અને ખરાબ નાવોથી ભરપુર, એવી મુસાફરી કરવાની છે, તેમાં ડાહ્યાનું વહાણુ ભાગે અથવા ન પણ ભાગે પણ મુર્ખનું તો ભાગવુંજ જોઇએ. ”

વ્હાલા વાંચકો, તા. ૨૪ મી એપ્રીલે આટ્લાંટીક મહાસાગરમાં ૧૬૦૦ મુસાફરો અને કરોડોની કીંમતના જડપદાર્થનો—બરફના સમુદાયે ભોગ લીધો જે માત્ર ૨૩૫૦ માંથી ૭૫૦ જ મુસાફરો બચ્યા છે. આ શોકજનક સમાચારનો વિસ્તાર અન્ય સ્થલોએ થયો હોવાથી આપણે તો તેમાંથી શું સાર ખેંચવો ? તે ઉપરજ ધ્યાન દોડાવીશું.

ઉપલા એક વિદ્વાનના શબ્દો પ્રસંગને અને આ લેખને તદ્દન બંધ બેસતા હોવાથી તે પ્રથમ મુદ્રાલેખ તરીકે મુકવામાં આવ્યા છે.

બંધુઓ ! એ શબ્દો કંઇ સમુદ્રમાં ચાલતી રાક્ષસી સ્ટીમરો અને હાલમાં થયેલી મજકુર હોનારતના અંગે નથી પણ—સંસારરૂપ અગાધ સમુદ્રને વિષે જીવનરૂપ કીંમતી સ્ટીમરને આપણે સર્વે જણાએ તરતી મુકી છે, એટલુંજ નહી પણ જાણે તે સમુદ્ર તદ્દન શાન્ત હોય, જાણે ભોગ લઇ તૃપ્ત થઈ ગયો ન હોય ! તેમ જીવન સ્ટીમરના સાંપ્રત અધિકારીઓ, બેધડકપણે, નિર્ભયપણે, આડાઅવળા માર્ગે પણ પોતાની સ્ટીમરને વહન કરાવ્યા કરે છે, તેઓ માટે છે.

સંસારરૂપી સમુદ્રમાં, જીવનરૂપી સ્ટીમરને, મનરૂપી કપતાનો સ્વઇચ્છાએ હંકારે છે, તેમાં રાગદ્વેષ યુક્તમનરૂપી કપતાનના જે હસ્તે સ્ટીમર ચડે છે તે “મુર્ખનું તો ભાગવુંજ જોઇએ ” એ ન્યાયે ભાગ્યાવીના રહેતી જ નથી. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન રૂપી બરફના પર્વતો ઉપર બંધાયેલ કર્મરૂપી બરફનો સમુદાય, જીવનરૂપી કીંમતી સ્ટીમરને એવો તો જોસથી અથડાય છે કે, સ્ટીમરને હતી નહતી કરી નાખે છે, શું ! આ વાત વાંચકો આપણા લક્ષ્યમાં છે ? ના નથીજ એમ ઉત્તર આપણામાંના ઘણાઓ તરફથી મળશે, હા માત્ર જેઓ સંસાર સમુદ્રની ખરી સ્થિતિ જાણી શકયા છે અથવા જાણતા હશે, અને જેઓ સ્ટીમરને અણુ-ચીન્ત સ્થિતિમાં ભળી જવાના ભયથી જાગૃત હશે તેઓ પોતાના મનરૂપી કપતાનને શ્રી વિતરાગકથીત ધર્મવડે—આડાઅવળા માર્ગે જતાં અટકાવી શકતા હશે તેઓ સુખે કરી ઇચ્છિત બંદરે પહોંચી શકશે.

“ ડાહ્યાનું વહાણુ ભાગે કે ન પણ ભાગે ” એ વાત પણ સત્ય છે કે, સંસારસમુ-દ્રમાં માન–માયા–મોહ–રાગ–દ્વેષ–પ્રેમ–લોભ–ઇર્ષ્યા–આદિ અનેક ખરાબાઓ છે કે, તેમાં ડાહ્યો પણ ભુલે તો મુર્ખનું તો શું કહેવું ? અર્થાત મુર્ખ—અસાવધાન તો અવશ્ય ભુલેજ. બંધુઓ ! ત્યારે આપણે મુર્ખતાને દુર કરી, ડહાપણના માર્ગે જવું જોઇએ, એ વાત શું ભુલી જવી ઇષ્ટ છે ! ના, ઇષ્ટ નથીજ.

તમારી સ્ટીમરને ગાબડું પડવા ન દેવું હોય, કષાયો રૂપી પહાડોથી બચાવવી હોય, જીવનનો ભોગ અકાળે થવા ન દેવો હોય, કંઇપણ સાર્થકતા કરી ક્રમે કરીને ઉચ્ચ સ્થાને જવું હોય, તો બંધુઓ ! “ વેળાસર ડહાપણ શીખો ” નિશ્ચય થઇ ચૂકેલ ઉત્તમ ખલા-સીઓ પાસેથી તેમની કળાની ખુબીઓ શીખો, અને તે માર્ગે પ્રયાણ કરો, મનને તરંગોના

તાબે થવા ન દેતાં સમુદ્રના તરંગો ઉપર અસવાર થતાં શીખો, વૃત્તિઓ રૂપી રાક્ષસણીઓના આકસ્મિક સપાટામાંથી સદને (મનને) ઉગારી લેતાં શીખો, આ માટે એકજ માર્ગ છે અને તે એ છે કે વિતરાગ કથિતધર્મને જ્ઞાનપૂર્વક, હોકા યંત્રના સ્થાને સ્થાપન કરવું અને શુભ-સિદ્ધા માર્ગે-વહન કરવું.

સંસારસમુદ્ર વિષેથી તરનારા જ્ઞાનીઓનાં ચરિત્રો આંખ આગળ ખડા કરો, અને સાવધ રહી તમે પણ ઉત્તમ દ્રષ્ટાન્તરૂપ બનો. જ્ઞાનીઓ કહે છે કે ભયંકર તોફાનમાં પણ હિંમત ન હારતાં, નિર્ભયતાથી નિશ્ચય કરેલા બંદરે પહોંચવાનો માર્ગ-અનેક સંકટો વચ્ચેથી-શોધી કહાડો. સંસારવ્યવહારની યુક્તિઓમાં ફસાઓ નહિ. કર્ત્તવ્યનું નીશાન ચુકશો નહિ; આત્મત્વ પ્રગટ કરવું એજ નિશાન હોવું જોઇએ, માટે તેથી વિરૂદ્ધ કાર્યોથી પાછા હઠો. તેમ કરતાં વિઘ્ન ખડું થયું છે એટલું જાણતાંજ-આત્મબળ-શક્તિને જોશથી જાગ્રત કરો-અને ધારેલા શુભ કાર્યમાં વિજયી બનો. " પ્રમાદમાં એક ક્ષણ પણ નકામો વ્યતીત ન થવા દો "

---

# एक खेदकारक मृत्यु.

## ( લેખક ચેતન. )

વલસાડમાં શા. કેશરીચંદ ગુલાબચંદ નામના એક જૈન ગૃહસ્થ હતા, તેઓ વલસાડમાં જૈન ધર્મના કાર્યોમાં આગેવાની ભર્યો ભાગ લેતા હતા. તેમજ જૈન ગુરૂકુલ સ્થાપવા માટે તેઓએ વલસાડના સંઘની અનુમતિ કરાવી હતી. ત્યાં ચાલતી પાઠશાલા સ્થપાવવામાં પણ તેમનો હાથ હતો. તેઓ સ્વભાવે મળતાવડા અને જૈન ધર્મની શ્રદ્ધા સારી રીતે ધારણ કરતા હતા. વલસાડના સંઘમાં એથી એક દીવો અસ્ત થયો છે. આ મંડળ અને તેમના મિત્રો તેમની શાન્તિ ઇચ્છે છે.

ચાલ્યો વ્હેલો પરભવવિષે, આજથી કેમ બન્ધો,
જાણ્યું જાણ્યું અકળઘટના કર્મથી એ બની છે;
ઓચિંતોરે રે નિજવપુતજી માર્ગ આગળ વહયો તું,
આયુ કર્મે વપુ ધરતજી કેશરી કયાં ગયો તું. ૧
ઇચ્છા સારી હૃદય ધરીને ધર્મનું જ્ઞાન લીધું,
વાંચી ગ્રન્થો મુનિવરતણા ધર્મનું જ્ઞાન લીધું;
શ્રદ્ધા ભક્તિવિનય કરૂણા, ધર્મની દાઝ ચિત્તે,
આયુઃ કર્મે વપુધરતજી કેશરી કયાં ગયોતું. ૨
સેવા કીધી ગુરૂવરતણી પાઠશાલા સ્થપાઈ,
જૈનો હેતે ગુરૂકૂળતણો લેખ સારો લખ્યો તેં;
સુધાર્યા ત્હેં નિજસહચરા ભાષણો કેઈ આપ્યાં,
આયુઃ કર્મે વપુધરતજી કેશરી કયાં ગયોતું. ૩
ત્હારા ઉપર બહુવિધ હતો ધર્મનો ભાર સારો,

મૂકી ચાલ્યો અવર ભવમાં ધર્મને સાથ લીધો;
ધાર્યા સદ્દગુણ વિનય ધરીને ગામ વલસાડ દીવો,
આયુઃ કર્મે વપુધરતજી કેશરી કયાં ગયો તું. ૪
જન્મે જે જે અવનીતલમાં સર્વ તે તે મરેછે,
માથે મૃત્યુ સકલ જનને કર્મથી નહિ બચેકો;
છે પૃથ્વીમાં સકલ જીવડા કર્મથી પંથીઓરે,
વૈરાગીને સકલઘટના પૂર્ણ વૈરાગ્ય હેતું. ૫
થાશો શાન્તિઃ અવરભવમાં ધર્મ સામગ્રી પામો,
ઉંચો ચેતન પ્રતિદિન ચઢો મોહનું જોરવામો;
આશીઃદેઉ પર ભવ વિષે ધર્મનો લાભ પામો,
સેવાસારી નિશદિન મળો ધર્મની પૂર્ણ બન્ધો ! ૬
જૈનોના બહુ હૃદય વસીયો બેસગ્યો નહિ ખસેતું,
થાવા સાધુ હૃદયપટમાં ચિત્ર દોર્યું હતું તેં;
હાહાકાળે શિશુવય વિષે કેશરીને હણ્યોરે,
દેખી આવી જગત રચના ખૂબ વૈરાગ્ય પ્રગટે. ૭
પંખીડા તું શિવઘર પ્રતિ ચાલજે ચાલસારી,
એવી આશી હૃદય થકી દઉ ધર્મની થાઓ સિદ્ધિ;
પન્થી મેળો અવનીતલમાં ચાલીયા કેઈ ચાલે,
પામો મંગલ સહજ સુખમય અર્પી સ્નેહાંજલીએ. ૮

સં ૧૯૬૮ ચૈત્ર વદી ૦))

---

# प्रासंगीक उद्गार.

(१)

## चोथी गुजरातिसाहित्य परिषद्.

શ્રી વડોદરા ખાતે ગયા માસમાં મળેલી સાહિત્ય પરિષદ્ની ચોથી બેઠક રંગે ચંગે પૂર્ણ થઇ છે, તે સાથે આગલી ત્રણ બેઠકો કરતાં વિચારોમાં આગળ વધી છે એમ તેના પ્રસિદ્ધ થયેલ અહેવાલથી જાણી શકાય છે.

સાહિત્ય પ્રેમીઓ ધારતા હતા તેમ, વડોદરા જેવા સાહિત્ય નરોના જન્મ સ્થલે, શ્રીમંત સરકાર સયાજીરાવ જેવા પૂર્ણ સાહિત્ય રંગીનૃપની કૃપાતળે, જેણે આયુષ્યનો મોટો ભાગ સાહિત્યના વિચારોમાં અને ક્રિયામાં વ્યતિત કર્યો છે, તેવા વૃદ્ધ પ્રમુખના મુરબી પણાનીચે આ પરિષદ ફતેહમંદ નીવડી છે તે સાથે શ્રીમાન સયાજીરાવ સરકારે પોતાના ખાનગી ખાતામાંથી સાહિત્ય વર્ધક કાર્યો અંગે બે લાખ રૂપીઆ જેવી મોટી રકમ આ પ્રસંગે

જાહેર કરી, સાહિત્ય પ્રેમીઓને, સાહિત્યના નૂતન અભ્યાસીઓને, ખરી સાહિત્ય સેવા બજાવવાને પ્રેર્યાં છે. શ્રીમંતે બોલીને નહિ પણ કરીને અન્ય શ્રીમંતોને વખતસરનો મુંગો બોધ આપ્યો છે કે, સાહિત્યસેવકોનો માર્ગ મોકળો કરવા માટે દ્રવ્યવાનોએ પોતાની ઉદારતા તે માર્ગે લંબાવવી જોઇએ છે. મજકુર બે લાખ રૂપીઆના વ્યાજમાંથી કયા ધોરણે કામ લેવાવાનું છે તે હજુ જાણી શકાયું નથી પણ અનુમાન કરીશકાય છે કે રૂ ૮૦૦૦) જેવી વાર્ષીક રકમ અમુક ચર્ચાના યોગ થઇ પડેલા, તેમજ સાહિત્યમાં ખોટ દર્શક વિષયો વિષે નિર્ણય કરાવવા અને ગ્રન્થો તઇઆર કરાવવાને, ઇનામીયોજનાથી તેમજ ચુટી કહાડેલ વિદ્વાનોથી કાર્ય લેવાશે અર્થાત્ ઉપર જણાવ્યું તેમ સાહિત્યના અભ્યાસીઓને, તેમજ અભ્યાસ વધારવાને ઇચ્છતાઓને પોતાના વિચારો અને કૃતીઓને લલચાવનાર નિવડશે. અત્રે સુચનાનો અવકાશ જણાય છે કે આ કાર્યના અંગે સાહિત્ય પરિષદ મુખ્ય કાર્યવાહકોનો, અવાજ રહે તેવી વ્યવસ્થા થવી જોઇએ.

વાંચવામાં આવેલ લેખો પૈકી કેટલાક લેખો સાહિત્યના અંગે ઉપયોગી હતા, તેમ માર્ગદર્શક હતા.

આવેલા લેખો પૈકી જે લેખકો પોતે હાજર હતા અને સમયને જાણી તે લેખનો સાર રસમય વાણીએ બોલી શકયા હતા તેઓના નિબંધોજ વંચાયા હતા—સંભળાયા હતા બકીના બબે પાંચ પાંચ મીનીટમાં સાંભલ્યાની સ્થિતિમાં સ્વીકારી લેવામાં આવ્યા હતા ઉપરાંત ગમેતે કારણે કેટલાક લેખો માત્ર કાર્ય વાહક કમિટીની નોંધ સીવાય અમુકના નિબંધો આવ્યા છે તે સ્પષ્ટ રીતે જાહેર થવા પામ્યું નથી. આ માટે હમારા વિચાર મુજબ, જે નિબંધો વાંચવા માટે વખત ફાજલ ન પાડી શકાય, અથવા અન્ય વ્યવસ્થા ન થઇ શકી હોય, તેવા નિબંધો સેક્રેટરીએ ખાસ નિહાળી જઇ તેના ઉપર ટુંક નોંધ કરી તેવા દરેક લેખકોને ન્યાય અર્થે, તેઓના ઉત્સાહ અર્થે અમુક વિષયનો અમુક નિબંધ અમુક લેખકનો આવ્યો છે જે અમુક પ્રકારનો છે—ઉત્તમ અથવા નીરસ જે હોય તે પરિષદ્‌માં જણાવી દેવું જોઇએ.

આ પરિષદમાં નિબંધોનો વધારો, સાહિત્ય પ્રેમીઓની સારી હાજરી અને શ્રીમંત વડોદરા નરેશની સતત હાજરી એ ત્રણે બીનાએ ઉત્સાહમાં વધારો કર્યો હતો એમ જણાય છે, પણ હવે આગામી પરિષદ્ કયાં મળે છે, દરમિયાન કયાં કાર્યો આગળ વધે છે, નિબંધોના માટે વધુ ઉત્તમ વ્યવસ્થા કેવી થાય છે, તે જાણવાને દરેક જણ આતુર છે.

નિબંધ માટે આવતી બેઠક વખતે કેટલીક રીતે ઉત્તમ વ્યવસ્થા મુકરર થઇ છે તે પ્રમાણે જો કે નિબંધોનો ઘટાડો થશે પણ ઉત્તમ નિબંધો વધુ મળશે અને તે પરિષદ્‌માં વાંચનના માટે, ચર્ચાના માટે, વધુ વખત મેળવી શકશે પણ આ માટે એક સુચના છે કે તેવી રીતે આવેલા ઉત્તમ લેખોના લેખકો પૈકી ગમે તે સંજોગો સર મુળ લેખક ત્યાં હાજર ન હોય તો, તેને ગેરઇન્સાફ ન મળે તે માટે કોઈ પણ સારા વક્તા પાસે તે નિબંધ પરિષદ્‌માં વંચાવવાની ગોઠવણ કરવી.

આગલી પરિષદોમાં જેમ જૈન લેખકોએ ભાગ લીધો હતો તેમ આ વખતે રાજકોટ વાળા મી. પોપટલાલ શાહે " શ્રીપાળ રાસ " વિષે તેમજ પરમપૂજ્ય ગુરૂ મહારાજ શ્રીમદ્

મું. સાગરજીએ " શ્રીમદ્ યશોવિજયજીનું જીવન અને તેમનું ગુજરાતી સાહિત્ય " એ નિષે ઘણોજ ઉત્તમ નિબંધ તઇઆર કરી મોકલ્યો હતો તે નિબંધ પરિષદે તાકીદે છપાવીને પરિષદની બેઠક વખતે વહેંચ્યો હતો.

લીપી વિષે પણ ચર્ચા ઠીક થવા પામી હતી. અમારો આધીન મત દેવનાગરી લીપીના તરફેણમાં છે પણ ઉતાવળ કરવા કરતાં ધીમે ધીમે તેનો પ્રચાર વધારવો જોઇએ અને તે માટે સૌથી પહેલાં બાળકો વચ્ચે શિક્ષણ, તે લીપી દ્વારા અપાવા ગોઠવણ થવી જોઇએ. કેમકે મોટી ઉમરે લીપી શીખી શકાતી નથી તેથી તે લીપીનાં પુસ્તકોનો પુરતો લાભ લઇ શકાતો નથી પણ જો શિક્ષણજ તે લીપીમાં મળ્યું હોય તો તે અડચણ રહેતી નથી.

શિક્ષણ દેવ નાગરી લીપીમાં અપાવાથી ગુજરાતી લીપી તદ્દન ભુલી જવાય એ ભય રાખવા યોગ્ય મુદલ જગ્યા નથી કેમકે, દક્ષિણમાં મોડી અને દેવનાગરી લીપીમાં શિક્ષણ અપાય છે અને તે ત્યાં વસતા તમામ ગુજરાતી ભાષા બોલનારા શીખે છે છતાં શાળા છોડયા બાદ ગુજરાતીમાં પત્ર વ્યવહાર-નામું-ઈત્યાદિ સહેલાઇથી રાખી શકે છે.

માતૃભાષાને ભુલી જવા કે દેશવટો દેવા માટે નહી પણ ઘણા દેશો સાથે વ્યવહાર જોડતાં સરળતા થાય છે તે માટે, દેવ નાગરી લીપી આદરણીય છે એ વાત લક્ષમાં રાખવી જરૂરી છે.

જોડણી વિષે જો કે હજુ છેલ્લો નિર્ણય કમીટીએ બહાર પાડયો નથી પણ કેટલોક વિચાર થયો છે ખરો, આ માટે માત્ર બેજ મુદા તપાસવાના છે. સરળ અને શુદ્ધ, આ સિવાય બાર ગાઉએ બોલી બદલાતી હોવાથી કોઈ પણ દેશની દેશ ભાષા તરીકે વજન આપી શકાય નહી-ખરો શબ્દ કહી શકાય નહી-શિષ્ટ ભાષાને અનુસરતા શબ્દોજ શુદ્ધ શબ્દો ગણાવા જોઇએ-અર્થાત્ બોલીમાં ગમે તે હો પણ વાંચન માળામાં અને લખાણમાં તો એકજ પદ્ધતિ જોઇએ અને તે સરળ જોઇએ, તદ્દન સંસ્કૃતમય કરી દેવી ન જોઈએ.

---

( ૨ )

## जैन साहित्य, अने जैनेत्तर साहित्यकारो.

---

ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ્ના **ગુજરાતી જૈન સાહિત્યના** પ્રમુખના, જૈનોની સાહિત્ય સેવા અંગેના ઉદ્ગારો.

**ગુજરાતી જૈન સાહિત્ય**

" પ્રાચીન કાવ્યસાહિત્યના ક્ષેત્રમાં જૈન લેખકોએ પણ, સંગીન વૃદ્ધિ કરી છે, તે આપણા લક્ષ બાહાર રાખવું ઘટતું નથી, **ગુજરાતના ઇતિહાસમાં જૈનોએ બહુ અગ્રણી ભાગ લીધો** છે પણ તે વિષયને, વિસ્તાર કરવાને આ યોગ્ય સ્થળ નથી. જૈન **મુનિ**ઓએ ઘણા રાસા, સઝાયો, આદિ અનેક **રસપૂર્ણ** કવિતા નાના પ્રકારના દેશી રાગોમાં, તેમજ છંદોમાં લખી છે. **સંવત ૧૪૦૦ થી** તે સાહિત્યનો પ્રસિદ્ધ આરંભ થયો હોય એમ હાલનાં જણાય છે. પ્રારંભ થોડે થોડે થતાં પાછળથી તેમાં બહુ ગ્રંથો રચાયા છે. તેમાં કેટલાક,

બહુ વખાણવા યોગ્ય કાવ્યગ્રંથો પણ રચાયા છે; જેવા કે, શ્રીપાળ રાસ, વસંતવિલાસ, વિમલ મંત્રીરાસ, નળાખ્યાન, નંદબત્રીશી, મૃગાવતી રાસો, મદન રેખા આદિ.

**બ્રાહ્મણ તથા જૈન વચ્ચે ધર્મમૂલક વિરોધ હોવાથી,** જો કે બન્નેની ભાષા એક હતી તોપણ પોતપોતાના ધર્માનુયાયીઓને ઉપયોગમાં આવે તેને માટે બન્નેને ભિન્ન સાહિત્ય રચવાની અગત્ય પડેલી જણાય છે. આવા ધર્મવિરોધને સારો પરિણામ એ આવ્યો કે, એથી ભાષાસાહિત્યના ગ્રંથોની સંખ્યામાં સારો વધારો થયો. ખેદની વાત એ છે કે, એક માર્ગના પંથીઓ બીજા માર્ગના પંથીઓના ગ્રંથોનું ગ્રહણ કરતા નથી, અને તેથી ગુજરાતી સાહિત્યની ચર્ચામાં, અત્યાર સુધી મ્હોટે ભાગે **જૈન સાહિત્યનો જોઇતો ઉલ્લેખ થયો દેખાતો નથી** પણ કાવ્યાદિ જેવા સાહિત્યમાં, ધર્મ જેવા ભિન્ન વિષયને કાંઇપણ લાગતું વળગતું નથી, અને જેનું રસ એ જીવન છે, એવું કાવ્યાદિ સાહિત્ય જૈનોએ લખ્યું હોય કે બ્રાહ્મણોએ લખ્યું હોય તોપણ, તે તેના રસવત્તા ધર્મને લીધે સર્વ રસિક વાંચકોએ ગ્રહણ કરવા યોગ્ય છે. અણુહિલવાડપાટણ, જેસલમેર, ખંભાત, આદિ ભારતમાં અનેક સુપ્રસિદ્ધ સ્થળોએ પુસ્તકના ભંડારો સ્થાપી જૈનોએ, જૈન તેમજ બ્રાહ્મણધર્મિઓને હાથે રચાયલા અનેક ગ્રંથોનું રક્ષણ કર્યું છે. **એવો જૈનોનો મહાન્ ઉપકાર આપણે ભૂલી જવો જોઈએ નહિ.**

આ ઉદ્‌ગારો મુજબ જ આગલી દરેક બેઠક વખત તે ઓછાવત્તા પ્રમાણમાં દરેક પ્રમુખે જૈન સાહિત્યની સેવાનો સ્વિકાર કર્યો છે છતાં—જોઇતો સ્વીકાર ન થવાનું અને જૈનોને પુરતી રીતે ન્યાય ન આપવાનું કારણ તો આ વખતના વયોવૃદ્ધ અને અનુભવી પ્રમુખેજ ઘણાજ ગંભીર અને વિચારયુક્ત શબ્દોમાં પ્રગટ કર્યું છે, જેની સત્યતા માટે હજુ પણ તે સ્થિતિ કેટલાક અંશે જાગૃત હોય તેમ જોઈ શકાતું હોવાથી અત્રે તે પ્રગટ કરવાનો ઇરાદો એવા ભાવપૂર્વક લીધો છે કે તે પ્રમુખવર્યના વિચારો મુજબ સાહિત્યને અને ધર્મવિચારની ભિન્નતાને એકરૂપ આપી દેવામાંથી આધુનિક વિદ્વાનો ભુલ કરતા બચે અને જૈન સાહિત્ય સેવાનો વિસ્તાર જેટલી હદે છે તેટલો પ્રકાશવાને સંકોચ કરે નહી.

જો કે જૈન સાહિત્યના પ્રકાશાર્થે, ખુદ જૈન વિદ્વાનો અને સાધુવર્યોએ જોઇતી જાગૃતી નહી સેવવાથી, અન્ય સાહિત્યકારોને જૈન સાહિત્ય અવલોકવાને જોઇતો અવકાશ મળ્યો નથી એમ ન્યાયની ખાતર કબુલ કરવા છતાં થોડાક વર્ષોથી, તે માટે જૈન સાહિત્યને નિહાળવા, જૈનો તરફથી જે થોડો પણ પ્રયત્ન થયો છે તે જોતાં, જૈનેત્તર વિદ્વાનોની હજુ "ધર્મના કારણોને લીધે જૈનોના સાહિત્ય ઉપર ઓછી અભિરૂચિ જણાય છે" આ વખતના પ્રમુખના આ ગંભીરવાક્ય અનુસાર તેઓ જૈનોને સત્ય ન્યાય આપવાને વધુ વિશાળ હૃદયવાળા બન્યા નથી એમ મજકુર વાક્ય અનુસાર સખેદ કહેવું પડે છે કેમકે ખુદ પ્રમુખવર્યે " સંવત ૧૪૦૦ થી તે સાહિત્યનો પ્રસિદ્ધ આરંભ થયો હોય એમ હવણાં જણાવ્યું છે" " મ્હોટે ભાગે જૈન સાહિત્યનો જોઇતો ઉલ્લેખ થયો દેખાતો નથી " આ વાક્ય ઉચાર્યાં છે તે જોતાં હવણાંજ તેમને જાણવા મલ્યું કે ગુજરાતી જૈન સાહિત્યનો કાળ ૧૪૦૦ થી આરંભાય છે પણ ચોકસ કારણસર ઉપેક્ષા થવા પામી છે. હમને આશ્ચર્ય તો એ થાય છે કે-પ્રમુખવર્યે—ખરૂં કારણ શોધી કહાડી જનસમુદાય ઉપર પ્રકાશ પાડવાનો ઉપકાર કરવા છતાં

ખુદ પોતે–૧૮૦૦ થી અન્ય વિદ્વાનો–લેખકો ઓ લેખકો અને તેઓની અમુક કૃતીઓનો ઉચ્ચાર કરવા પ્રેરાયા છે તેજ પ્રકારે તે અરસાથી આજ સુધી થયેલ તે અને હયાત જૈન વિદ્વાનો, લેખકો, અને કૃતાઓ માટે ઉચ્ચાર કરવાને ચુકી ગયા છે. આમ કહી હમે તેઓના ઉદાર વિચારમાં સંકોચતા છે એમ કહેવા માગતા નથી, પણ ભવિષ્યમાં તેમ ન બને તેમાટે, જૈન સાહિત્યકારોથી વધુ પરિચય સેવી સત્યને ન્યાય અપાય અને ધર્મવિરોધ સાહિત્ય ના અંગે દૂર કરી શકાયો છે એમ દરેક વર્ગ જોઇ શકે તે માટે આ વિચાર જણાવ્યો છે.

---

# समालोचना.

**" ધનવંત્તરી "** આ નામનું માસિક પાંચ વર્ષ થયાં વિશનગરથી પ્રગટ થાય છે, જે નિહાળવાને પ્રસંગ મળવાથી, કહેવું જોઇએ કે તે નામ પ્રમાણે વૈદકી અને શારિરીક બીનાઓ ઉપર મુખ્ય અને ઉપયોગી ધ્યાન આપનારૂં માસીક છે એમ જણાય છે. અન્ય જરૂરી લેખો પણ ઉપયોગી જણાય છે અને તે ઉત્તમ રીતે ચર્ચાયેલા છે. તંત્રી મી. વકીલ એક આયુર્વેદિક યુનિવરર્સિટીના ફેલો છે સાથે ઉદાર વિચાર ધરાવનાર ગૃહસ્થ છે. લવાજમ સસ્તુ રાખેલું છે.

**" તત્વનિર્ણય પ્રાસાદ "** આ ગ્રન્થ હિંદી ભાષામાં છે અને તે મર્હુમ ઉપગારી પૂજ્ય ગુરૂવર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરિજીનો રચેલો છે જે મર્હુમ મી૦ અમરચંદ પરમારે કેટલાક વર્ષો ઉપર પ્રગટ કરેલ છે. જેની એક નકલ અભિપ્રાયાર્થે બુકસેલર મી. મેઘજી હીરજીની કંપની મારફત અમોને મળી છે. આ ગ્રન્થ વિષે, સોનાને ઢોળ ચડાવવાની જેમ જરૂર નથી તેમ મર્હુમ મુનિશ્રી વિજયાનંદ સૂરિજીની કૃતી વિષે કંઇ પણ અભિપ્રાય લખવા જરૂર નથી એમ કહેવું યથાર્થ છે. તેઓશ્રીના દરેક ગ્રન્થો જૈનોને અવશ્ય વાંચવા જોઇએ કેમકે તેઓશ્રીને જે સંજોગો વચ્ચે જે અનુભવ પ્રાપ્ત થયેલા તેના પડઘા ગ્રન્થોમાં ઉતારેલ છે. તેમાંનો આ છેલ્લો ગ્રન્થ છે. તેઓશ્રીને આધ્યાત્મીક કે વૈરાગ્ય બોધનાં પુસ્તકો કરતાં જૈનદર્શન અન્યદર્શનો કરતાં વધારે ઉત્તમ કંઇ રીતે છે, તે બતાવી આપવાના તથા તે પ્રકારનાં પુસ્તકો રચવાના સંજોગો વધુ હતા અને તેથી તેઓએ તદ્ વિષયને પૂર્ણ ન્યાય આપવા અપૂર્વ કાર્ય બજાવ્યું છે એમ બેધડક કહી શકાય છે. પંજાબ દેશના જૈનોની ઉન્નતિ તેઓશ્રીનેજ આભારી તેમ પાશ્ચાત્ પ્રજામાં જૈનતત્વોની જે હાલ પીછાન થઇ છે અર્થાત્ થતી જાય છે તે પણ તેઓશ્રીનેજ આભારી છે.

આવા ધર્મોદ્ધારક મુનિવર્યશ્રીની છેલ્લી કૃતીને તેના પ્રગટ કર્ત્તાની ઉદારતાવડે મી. મેઘજી હીરજીની કં, મી પરમારનાં કાવ્ય વિનોદાદિ કોઇ પણ બે પુસ્તકો લેનારને મજકુર ગ્રન્થ જેની કીમત રૂ. ૪–૦–૦ છે તે ભેટ આપે છે એ ખરેખર ઉત્તમકાર્ય છે. હમારી ભલામણ છે કે આ ગ્રન્થ અન્ય કોઇ ગૃહસ્થ ફરી પ્રગટ કરે તેવી આશા થોડી હોવાથી જેઓની પાસે ન હોય તેઓએ અવશ્ય ખરીદ કરવો.

# दिलसोजी.

## Sympathy

(લેખક. શેઠ. જેશીંગભાઇ પ્રેમાભાઇ કપડવણજ.)

દિલસોજી–સહાનુભુતિ, લાગણી, એ સમાન પર્યાય વાચક શબ્દો છે. દરેક દુઃખી મનુષ્યો તરફ દિલસોજી બતાવવી–દયા બતાવવી એ મનુષ્ય માત્રની મોટામાં મોટી ફરજ છે. જેનું દિલ દિલસોજી વગરનું છે, પ્રેમાંકુર વિનાનું છે, તે ઉખર જમીનની માફક જાણવું. દિલસોજીનો ગુણ એક મહત્વના ગુણ તરીકે લેખી શકાય છે. દિલસોજીને જો દયાના અંગભૂત તરીખે ગણીશું તો તે અયુક્ત નહિ ગણાય. દુઃખીનું દુઃખ જોઇ કોને દયા નહિ આવે? પીડાતા પામર જીવો ઉપર કોને કરૂણા નહિ ઉપજે! અલબત જે દયાના સાગર છે ને માણસાઇ સમજે છે તે સર્વને આવે. ખરેખર તેજ માયાળુપણાની, સૌજન્ય-પણાની અને પરોપકારની નીશાની છે. વાદળના રંગની પેઠે મનુષ્યની દશાનાં ચક્રો અવાર નવાર ફર્યા કરે છે ને દરેક સમયે કાળ પોતાનો ખેલ ભજવ્યાં કરે છે. કોઇ સદા દુઃખી નથી રહેતું તેમ સદા સુખી પણ નથી રહેતુ માટે દરેકે પોતાની અંદર દિલશોજીનો ગુણ ખીલવવાનો છે. એટલું તો ખરૂંજ છે કે જો આપણે બીજા તરફ દિલસોજી બતાવતા શીખીશું તો બીજાઓ પણ આપણા તરફ દિલસોજી બતાવશે. દરેકને સુખ પામવાની અભિ-લાષા હોય છે માટે જાતે સુખ પામવાની ઇચ્છાવાળાએ બીજાનું સુખ ઇચ્છવું. ઈંગ્લીશમાં કહેવત છે કે Do unto others as they would do to you– "જેવાતમો બીજાની પાસે સુખની ઇચ્છા રાખો છો તેવા તમો પોતે થાઓ કે બીજાઓ તમારી પાસે-થી સુખની આશા રાખી શકે" માટે સુખ સંપત્તિ ઇચ્છક જનોએ બીજા પ્રત્યે માયાળુ પણું બતાવવું જોઇએ. બીજાના દુઃખ વખતે દિલશોજી ધરવી જોઇએ. હવે આ સ્થળે યાદ રાખવું જોઇએ કે દુઃખીઓના દુઃખે દુખી થવું એ ખરી દિલશોજી ગણી શકાશે નહિ કારણ કે તેમ કર્યાથી તો ઉલટુ "લેને ગઇ પુત ને ખોઇ આવી ખસમ" એના જેવું થશે કારણ કે તમારા આત્માનું જે સામર્થ્ય હશે તેમાં તેથી કરીને તો ઉલટી ન્યુનતા પ્રભવશે. હાલ ઘણે સ્થળે અને ઘણા જનોમાં દુઃખીના દુઃખે દુઃખાતા મનુષ્યો આપણી નજરે પડે છે તેથી કરીને જો કોઇ એમ કહેવા માગતું હોય કે તેઓ તેના તરફ ખરી દિલસોજી ધરાવે છે એમ કદી નક્કી કહી શકાશેજ નહિ. કોઇને ઘેર કોઈ મરી ગયું હોય તો સામો આવી ને ગમેતો હૈયામાં બળતુ હોય કે ના હોય તો પણ લોક લજ્જાએ રૂએ ત્યારેજ તે તેના તરફ દિલશોજી ધરાવે છે એમ કહેવાય છે. કોઇ અમુક સ્નેહીના દિલગીરીના પ્રસંગે દિલગીરી દેખાડવી તેનેજ હાલના જમાનામાં દિલશોજી કહેવામાં આવે છે. વળી કેટલેક સ્થળે તો મોટા કુટુંબોમાં જો મનુષ્યો મરણ આદિ પ્રસંગે ઘણા રોનારાં હોય તેને એમ લાગે કે મારા તરફ ઘણાઓની દિલશોજી છે. કોઇ સ્ત્રી બીચારી બાલવયમાં રાંડે તો તેને બીજી સ્ત્રીઓ આવીને રોવા લાગે, પેલી બીચારી દુઃખથી અધમુઇ થઈ ગઇ હોય ત્યાં આવી વધારે છાતી કુટી તેના દુ-ખમાં ઉમેરો કરી તેને દિલશોજી બતાવે છે. વળી આ શિવાય કોઇ માંદો આદમી પથારીએ હોવતો કેટલાક તેના આગલ આવી મોઢું ઉદાસ કરી દુઃખનાં રોડણાં રડી સામાને ઉલટો દુઃખી કરી પોતે પોતાના આત્માનું પણ સામર્થ્ય ખોઇ દિલસોજી બતાવે છે પણ આ કંઇ ખરી દિલશોજી કહી શકાય નહિં. અંધારાથી તો ઉલટો અંધકાર વધે છે માટે તેને દુર કરવા તો

તેજની જરૂર છે તેમ દુઃખે તો દુઃખનો ઉમેરો થાય છે માટે જો ખરી દિલશોજી બતાવવી હોયતો તેના આગલ એવા ઉપાય મૂકવા યાતો તેને એવું હૃદયબલ આપવું કે જેથી સામાના આત્માને શાંતિ થાય ને તેના દુઃખમાં ઓછાશ થાય. સામાના દુઃખે દુઃખી થવાથી ઉલટો સામો તો દુઃખી હોય છે ને પોતે પણ મનમાં દુઃખના વિચારો લાવવાથી દુઃખી થાય છે. દુઃખ મનમાં પ્રથમ વિચાર રૂપે ઉદ્ભવે છે ત્યાર બાદ તે સ્થૂલ રૂપમાં આપણને બહાર પ્રત્યક્ષ થાય છે. જેમ જમીનમાં આપણે જે જાતનું બી વાવીએ છીએ તેનું પરિણામે તેજ જાતનું વૃક્ષ અનુભવીએ છીએ તેમજ મનુષ્યના મનની અંદર કરેલા બીજરૂપે વિચારો ધીમે ધીમે તે આપણને પ્રત્યક્ષ સ્થૂલ દુઃખના રૂપમાં જણાય છે. માટે દરેક દુઃખ પીડીત આદમીને દિલાશોજી એવા રૂપમાં બતાવવી કે જેથી સામાને ફાયદો થાય ને પોતાના આત્માને પણ આઘાત ન થાય. વિપરીત ધર્મવાળી વસ્તુઓ એક બીજાનો નાશ કરવાને કારણભૂત છે. સુખ દુઃખનો નાશ કરે છે ને દુઃખ સુખનો નાશ કરે છે. પણ દુઃખ દુઃખનોકે સુખ સુખનો નાશ કરતાં કયાંઇ સાંભલવામાં આવ્યું નથી. ધાસતેલ ઉપર ધાસતેલનું પોતું ધસવાથી વધારે ગંધાશે પણ ઉપર પાનનો કુચો ફેરવવાથી ગંધ બંધ થશે તેમ દુઃખીના આગલ તેનાં દુઃખના કારણ દુર થાય એવી યોજના જો કરવામાં આવશે, તોજ તેનું દુઃખ દુર થશે ને સુખ સંભવશે પણ ઉલટો તે દુઃખી હશે તેના આગલ દયામણું મોઢું કરી બેસવાથી ઉલટો તે દુઃખી આદમી વધારે દુઃખી થશે ને દયામણું મોં કરનારના આત્માનું સામર્થ્ય પણ ઓછું થશે માટે કદી દુઃખીના દુઃખે દુઃખી ન થતાં તેના દુઃખ દુર થાય તેવી યોજના કરવી જેથી સામાને સુખ થાય અને પોતાના આત્માનું પણ સામર્થ્ય વધે. ત્યારે કોઇ માણસ સવાલ કરશે કે સુખીનું સુખ જોઇ સુખીથવું ? તો કહેવું કે હા. સુખીનું સુખ જોઇ સુખી થવું પણ દુઃખીનું દુઃખ જોઇ કદી દુઃખી થવું નહિં પણ તેના તરફ દિલશોજી બતાવવી. સુખીનું સુખ જોઇ સુખના વિચારો કરવાથી આત્મા ઉન્નત્ત થાય છે. કારણ કે હંમેશાં માણસ જેવી ભાવના રાખે છે તેવો તે થઇ શકે છે. મનુષ્યને સુખી દુઃખી કરનાર તેના મનના વિચારો છે. જો મનુષ્ય હંમેશાં ઉન્નતિના વિચારો રચે છે તો તે હંમેશાં ઉન્નત્ત થાય છે અને માઠા વિચારો કરે છે તો તે સર્વદા માઠુંજ દેખે છે ને આત્માનું સામર્થ્ય ખુએ છે. દુઃખ કે ચિંતાના વિચારો કરવાથી આત્માની સ્થિતિ કદી બદલાતી નથી પણ ઉલટી પરિણતી બગડે છે. આત્મા અનંત સુખમય છે, તે અવ્યાબાધ સુખનો ભોક્તા છે માટે તેને તો સુખનાંજ સાધન આપી ખીલવવો જોઇએ જે જાતેજ સુખમય છે તે દુઃખના વિચારોથી કેવી રીતે ઉન્નત્ત થશે.

મોગરાના બીજ માંથી, કોચ ન કદાપિ થાય;<br>
કોચથી ન મોગરાની, આશ લેશ લાવીએ.

તેવીજ રીતે ડુંગળીમાંથી કસ્તુરી ને કસ્તુરીમાંથી ડુંગળી કેવી રીતે સંભવી શકે. જે વસ્તુ જેવા રૂપ ગુણે કરી સહીત હોય તેને તેવા રૂપ ગુણનો સંયોગ મલતાં તે બહુજ ખીલે છે. કવિ દલપતરામે કહ્યું છે કે.—

ગુણથી ગુણ મળતા જગતમાં,<br>
રહેજ સ્વભાવે જઇ ભળે.

માટે જે વસ્તુ જેવા ગુણવાળી હોય તેને તેવા ગુણવાળા સાથે જોડવાથી ઇચ્છીત સુખ પેદા થાય છે–ધારેલી મતલબ પાર પડે છે. તેવીજ રીતે આત્મા જયારે પોતે અનંત સુખમય છે તો તે દુઃખના વિચારો કરવાથી–ચિંતાના હીંચોળે હીંચવાથી શી રીતે ઉન્નત્ત થઇ

શકશે ? તે આ ઉપરથી સ્પષ્ટ સમજાશે. માટે દુઃખીના દુઃખ વખતે તેને હીંમત–બળ–સ્હાય આપવી પણ ઉલટું તેના દુઃખમાં ઉમેરો થાય તેમ કરવું નહિ. આપણે ઘણા મનુષ્યોને કોઇ દુઃખી કે કંગાલ આદમી જોઇ દુઃખી થતા જોઇએ છીએ પરંતુ તેમ દુઃખ ધરવાથી કંઇ દુઃખીનું દલદર દુર થતુ નથી પણ ઉલટું વધે છે. કોઇ પણ દુઃખી આદમીને જોઇને તેને જેમ બને તેમ પોતાનું આત્મ વીર્ય ફોરવી તેનાં દુઃખ દુર કરવા પ્રયત્નશીલ થવું ને તેને હૃદયબલ સમર્પવું. આ રીતે જો દુઃખી આદમીઓ તરફ દિલશોજી બતાવવામાં આવશે તો નિશ્ચે તેઓ સુખી થશે અને ઘડીભર તેમને પોતાના દુઃખમાં વિસામો મળશે માટે દરેક બન્ધુઓને વિજ્ઞપ્તિ કે દુઃખીના દુઃખ વખતે દુઃખી ન થતાં તેનાં દુઃખ દુર કરવા પ્રયત્ન કરવો. પેટમાં અજીર્ણ કે કંઇ વ્યાધી થયો હોય છે તો તેને ઔષધી આપવાથી તે દર્દ મટી જાય છે ને દુઃખમાંથી મૂક્ત થાય છે તેવી રીતે દુઃખી મનુષ્યોને દુઃખમાંથી મૂક્ત કરવા માટે ઉપાય યોજવામાં આવે તો તે સુખી થાય છે નહિ કે માંદા આદમી આગલ માંદા થવાથી માંદા આદમીને સુખ થતું હોય–ખરી દિલસોજી બતાવનાર બંધુએ તો સામાના દુઃખે દુઃખી ન થતાં તેને દુઃખમાંથી છોડવવાના વિચારો કરવા ને પારકાને સુખી જોઇ સુખના વિચારો કરવા. બીજાના દુઃખે દુઃખી થવું તેને કેટલાક સદ્‌ગુણ માને છે પણ તેમાં તેમની મોટી ભૂલ છે કારણ સદ્‌ગુણ હંમેશાં આત્માનો ઉત્કર્ષ કર્તા છે તેમજ તે હમેશાં અંતઃકરણને બલપ્રદાતા છે. પરંતુ દુઃખીના દુઃખે દુઃખી થવું એ અંતઃકરણની દુર્બલતા સૂચવે છે અને તે સદ્‌ગુણ નથી ગણાતો પણ દુર્ગુણ છે માટે સ્વ અને પરહિત સાધનાર સજ્જનોએ દુઃખી આદમીને દિલશોજી એવા રૂપમાં દર્શાવવી કે જેથી દુઃખીનું યા દરિદ્રીનુ દુઃખ દૂર થાય.

ઇત્યલમ્.

---

# जीव दया प्रकरण.

# ધર્મને નામે લોહીની નદીઓ.

ઓક્ટોબર સને ૧૯૧૧ ના " **વૈદ્ય** કલ્પતરૂ " નામના માસીકમાંથી **વૈદ્ય જટાશંકર લીલાધરના** નાચેના શબ્દો તરફ તમામ **દયાળુ ગુજરાતીઓનું** હું ધ્યાન ખેચું છું:—

> અંબાજીમાં હું બે ત્રણ દિવસ રહ્યો અને એ ત્રણે દીવસો મારાજ કમનસીબે અંબા ભવાનીને પશુઓનો ભોગ ધરવાના નિર્માણ થયા હતા. પરમપાવીની જગત જનની મહા દયાળુ મહા દેવીની બહારની વેદી ઉપર રક્તની નદી જોવામાં આવી, અને પરમ પવિત્ર બ્રાહ્મણો એ નદીની આસપાસ હાથમાં પાનાં પોથાં અને ગૌમુખી લઇ બેઠેલા જોવામાં આવ્યા ! શી બ્રાહ્મણોની અધમાવસ્થા અને દુર્દશા !

જ્યારે એક તરફથી ઈંગ્લંડ, અમેરીકા વીગેરે ખ્રીસ્તી મુલકોમાં હજારો દયાળુ સ્ત્રી પુરૂષો, **માંસનો ખોરાક ત્યાગ કરીને વેજીટેરીયન બને છે**—જ્યારે તે દેશોમાં જીવ-દયાની હીલચાલ અનેક રૂપે વધારે ફેલાતી જાય છે, **ત્યારે દયા ધર્મ માટે પ્રસિદ્ધ હિંદુસ્તાનમાં સર્વેથી ઉંચા તથા પવિત્ર ગણાતા બ્રાહ્મણો ઉપર પ્રમાણે ધર્મને નામે બીચારા નિર્દોષ જાનવરોના લોહીની નદીઓ ચલાવે એ ખરેખર અફ-શોસકારક છે.**

ઘણા દયાળુ દેશી રાજાઓએ પોતપોતાનાં રાજ્યોમાં દશેરાનો પશુવધ બંધ કરવાની કૃપા કરી છે. તેજ પ્રમાણે અંબા માતાજીને નામે જે નિર્દય હિંસા થાય છે તે બંધ કરવા નો પ્રયાસ કરવા તમામ દયાળુ ગુજરાતીઓને મારી વિનંતિ છે.

**જુનાગઢ,**
તા. ૬-૧૨-૧૯૧૧

**લાભશંકર લક્ષ્મીદાસ.**

## પ્રાર્થના.

ઉપર લખેલી અપીલ તરફ દયાળુ ગ્રહસ્થો તથા બાઇઓનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું. ગયા દશેરાને દીવસ ફીરોજપોરના બંગાળીઓએ કાળી માતાને જનાવરોનો ભોગ નહીં આપવાનો, પણ તેને બદલે માત્ર મેવા મીઠાઇનો ભોગ ધરવાનો ઠરાવ કરેલો હતો. ( જુવો *The Punjabee*, તા૦ ૧૪-૧૦-૧૯૧૧ ). પરમહંસ મતના સન્યાસી વીશ્વેશ્વર સ્વામી નર્મદા નદીને કીનારે બાદપુર સ્ટેશન પાસે હેદરાળ ગામ પાસે ટેકરા ઉપર મઠમાં રહે છે તેઓના ઉપદેશથી હજારો કોળી, ભીલ વગેરે માણસોએ માંસાહાર વીગેરેનો ત્યાગ કરેલો છે. એટલુંજ નહિ પણ પ્રાણીઓ તરફની દયાની લાગણીને લઇને ૯૦૦૦૦૦ માણસોએ એક ધર્મોપદેશકના ઉપદેશથી બ્રહ્મદેશની અંદર માંસાહાર છોડી દીધો છે તથા મુંબઇના શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ તરફથી જે ઉપદેશકો ભાષણો આપે છે તેના પ-રિણામે હજારો લોકોને અસર થવાથી તેઓ માંસાહાર છોડી દેતા જાય છે તો પછી બ્રા-હ્મણો જેવા સર્વોત્તમ ગણાતા હીંદુઓ, ઉપર લખેલી અપીલ પ્રમાણે ધર્મને નામે બીચારાં નિર્દોષ જનાવરોની હીંસા અટકાવવાને ખાસ પ્રયાસ કરે એવી મારી પ્રાર્થના છે.

શ્રી શંકરાચાર્ય વિગેરે દરેક ધર્મગુરૂ તથા દયાળુ સત્તાવાળાઓએ ઉપર જણાવેલી જાતનું મહાપાપ નાબુદ કરવા માટે પોતાથી બનતું કરવા મહેરબાની કરવી ઘટે છે.

આ નિબંધની ૧૦૦૦ ) નકલો મુંબઇના શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડના ઑન૦ વ્યવસ્થાપક ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદે પોતાના હસ્તકના ફંડમાંથી લોકોમાં વિના મૂલ્યે વહેં-ચવા છપાવેલ છે તેનું જ્ઞાન પવિત્ર બ્રાહ્મણોના હૃદયમાં થાય એવી પ્રાર્થના છે.

૩૦૯ શરાફ બજાર
મુંબઇ નં૦ ૨
ફંડની ઑફીસ.
તા૦ ૧૨-૩-૧૯૧૨.

**છગનલાલ વિ૦ પરમાનંદદાસ નાણાવટી**
For **ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદ**
**ઑન૦ વ્યવસ્થાપક,**
શ્રી જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ, મુંબઇ.

# દિવ્ય પિતૃપ્રેમ.

## ચાલુ વાર્તા.

( ગતાંક પૃષ્ટ ૨૭ થી ચાલુ )

ચંદ્રના વિષદ પ્રકાશમાં તે વ્યક્તિ તે તરૂણ સહવર્તમાન, તરૂલતાથી ખીચોખીચ જેનું મુખ ઢંકાઇ ગયેલું છે એવી એક ગુફા નજીક આવી પહોંચી. કંઇક ચમત્કારીક સાંકેતીક શબ્દના ઉચ્ચારણ થવાની સાથેજ ગુફાના મુખ્યદ્વાર પરની શિલા ખસી ગઈ અને તે બંન્ને અંદર ગયાં ને ચાલતાં ચાલતાં લાંબા વખતના નિવર્તન થવા બાદ એક પ્રશાંત-ભવ્ય દિવાનખાનામાં તે તરૂણ આવી પહોંચ્યો પણ તે વ્યક્તિ તેને કોઇપણ સ્થળે દ્રષ્ટિગોચર થઇ નહીં. ત્યારે શું તે વ્યક્તિ ગુમ થઇ હતી ? પણ વળી એટલામાં તે દ્વાર ખુલ્લું હતું તે પણ બંધ થઇ ગયું અને પહેલીજ વાર તે ધૈર્યશાળી તરૂણનું મનસ શંકિત રીતે થથર્યું.

દિવાનખાનામાં લખલખાટ રીતે પ્રકાશ પડતો હતો. અત્યુત્તમ કારીગિરીવાળા તે દિવાનખાનામાં ભવ્યતાનો સ્પૃષ્ટ આભાસ ત્યાં રહેનારની ઝાહોઝલાલીનો ખ્યાલ આપતો હતો. ઉત્તમ કળા-કારીગીરીનો પોષક-તરૂણ સભય દ્રષ્ટયા તે અલૌકિક દિવાનખાનાના અવલોકનમાં લીન હતો એટલામાં તો-એક ગુપ્ત દ્વાર ખુલ્યું-અને પૂર્વ પરિચીત વ્યક્તિ તેની પાસે આવી. આ વખતે તેના હાથમાં એક લાંબો પત્ર હતો. જે તેણે અંદર આવતાંની સાથેજ વાળી અને તેને રેશમના દોરાથી બાંધ્યો-અને તે બોલી. " અજીતસિંહ ! મહારૂં બોલવું ધ્યાન દઇ સાંભળી લે ! આજ તને વિશવર્ષ પૂર્ણ થયાં છે. હવે તહારે તહારા નિયમિત કર્તવ્યમાં દક્ષતાથી ગુંથાવું જોઇએ. તું આજ છૂટો છૂ. હવે તને બંદિવાન તરીકે રહેવાની આવશ્યકતા નથી. પણ સબુર ! પ્રથમ તહારે એક કામ કરવું પડશે અને પછી હું તને જે જે કહું છું તે બિન હરકત-ને કોઇ પણ જાતનો સંશય લીધા વિના તાકીદે કરવાનું છે પછી તે ગમે તેટલું ભયંકર હોય-તહારો અજ્ઞાનવાસ પૂર્ણ થયો."

" પણ તું મહારા પર અધિકાર ચલાવનાર કોણ છે ? "

" તે સંબંધ આ પત્ર વાંચન બાદ તને સમજાશે. તારૂં અકલ્યાણ કોઇપણ રીતે હું કરનાર નથીજ. પણ તારૂં દરેક કૃત્ય હવે તાહારૂં કર્તવ્ય સમજીનેજ કરવું પડશે. તહારાથી હવે સુખવિલાસમાં મગ્ન રહેવાશે નહીં. મહારા માટે સંશય રાખવાનું કંઇ પણ કારણ નથી. પણ દરેક સ્થળ તહારે માટે પ્રપંચયુક્ત છે અને તે માટેજ તહારે પરિપૂર્ણ સાવધપણે રહેવાનું છે. બેસ ! અને આ પત્ર સંપૂર્ણપણે વાંચ. પત્રિકા વાંચન પૂર્ણ થયે સામેના દરવાજા પર હાથ મારજે, હું હવે જાઉંછું. પત્ર વિચારપૂર્વક વાંચ. "

તે વ્યક્તિ અદ્રસ્ય થઇ. અજીતસિંહને તે પત્ર ક્યારે વાંચુ-એમ થઇ રહ્યું હતું. તે વ્યક્તિ નીકળી જતાંજ તે એક કોચ પર સ્વસ્થ બેઠો ને પત્ર વાંચવાનો આરંભ કર્યો.

" ક્ષત્રિય કુમાર શ્રેષ્ટ બાળ અજીત ! લિલાએ તહારા હાથમાં આ પત્ર આપ્યો તે વખતે તહારા કોમળ મનમાં આશ્ચર્ય અને સંશય થયાં હશેજ. નેત્રમણિ ! આજ તને વિશ વર્ષ પૂર્ણ થયાં છે. બાલ્યાવસ્થાનું સ્મૃતિપટ અવલોકન કર ! મહારી તે સકરૂણ દ્દષ્ટિ

તને યાદ છે કે ? તહારા સુકુમાર તેજસ્વી ગાલપર ટપકતાં મહારાં ઉષ્ણાશ્રુ અત્યારે તહારાં સ્મરણ પટપર તરે છે કે ? મહારા સૌભાગ્ય મુકુટ પર દગો કરી તને અનાથ કરી નાંખ-વાનો તે દુષ્ટોના પ્રલાપ તહારા હૃદયપર દ્રઢલિખીત થયો નથી શું ? પણ સબુર ત્હારી જન્મ કહાણી–સાંભળ.

" તહારા પૂજ્ય પિતા સંતતિના અભાવે નિરંતર ચિંતાતુર રહેતા હતા. રમ્ય રાજો-પચાર–રાજ્ય મહેલ–બાગ બગિચા અને નુતન વિલાસો–સંગિતના મધૂર નાદ ને કોકીલાનાં મીઠાં ગાન તેમને કદી આનંદ આપી શકતાં નહીં. અને સત્યજ છે કે જેના સદ્-ભાગ્યશાળી ખોળામાં મધૂર કલરવ કરતાં–પડતાં આખડતાં–કુસુમ કલીઓ જેવાં બાળકો રમતાં નથી તે જીવન શું જીવનના લેખામાં છે ? આ વખતે તહારા પિતાને લગ્ન કર્યે ટુક વખત વ્યતીત થયો હતો. મને અભિમાન થતું નથી–પણ મહારા સૌંદર્યની સર્વ રાજસ્થા-નમાં પ્રસિદ્ધિ હતી. હૃદયના પ્રેમાંકુરોથી બદ્ધ થઇ અમોએ લગ્ન કર્યું હતું. જનસ્વભાવ કે સ્ત્રીઓની સ્વાભાવિક રીત પ્રમાણે સર્વ સ્ત્રીઓ મહારો દ્વેષ કરતી–તેમનો દુષ્ટ પ્રલાપ–છતાં પણ હૃદયેશનો મહારાપરનો વિશુદ્ધ પ્રેમ રતિભર પણ કમી થયો નહી.

" વસંત રૂતુની એક રમ્ય સાંજે, સુગંધ મિશ્રીત મંદ મલયાનિલના આસ્વાદનમાં લિન–પણ પુત્રના અભાવે ઉદાસિન એવી સુખ દુખ મિશ્રીત સ્થિતીમાં અમો ઉભય એક શ્વેત સિલાપર બેઠાં બેઠાં વાર્તાલાપ કરતાં હતાં. તેવામાં સામેથી કોઇ દિવ્ય–પ્રતિભાશાળી અજબ ચમત્કૃતિ વાળી અને અપૂર્વ ભક્તિભાવ ઉત્પન્ન કરાવે તેવી મહાન્ સાધુ વ્યક્તિ આવતી દષ્ટિગોચર થઇ. અમો બેઉના મનમાં તેમના માટે વિલક્ષણ પૂજ્યભાવ ઉત્પન્ન થયો. આ વખતે મહારી સખી લિલા પણ અમારી પાસેજ હતી ને તેણે પણ અમારો આશય જાણીનેજ તે પ્રભુસ્વરૂપ વ્યક્તિને અમારી નીકટ પધારવા વિનંતિ કરી. તે સાધુ આવ્યા અને સસ્મીત વદને અમો બેઉને આશિર્વાદ દઇને બોલ્યા " રાજા ! તહારા મનમાં શું અભિલાષા છે તે હું સમજ્યો છું–પણ દુઃખની વાત એ જ છે કે જ્યારે તહારી મનેચ્છા સફળ થશે ત્યારે તમો બેઉને ઘણોજ કલેશ ભોગવવો પડશે. "

" બાળ અજીત ! તે શબ્દનો કર્કશ ધ્વની આજ મને પ્રત્યક્ષ થાય છે. "

" કાંઇ ચિંતા નહીં–મહારી મનેપ્સિત પૂર્ણ કરો " એવું મહારા હૃદયેશ્વરે કહેતાંજ તેમણે ( સાધુએ ) જમીનપર એક ચક્ર કહાડયું–લિલા પાસે પૂજા સામગ્રી મંગાવી અમે બેઉએ તેની પૂજા કરી અને કેટલાક મંત્રોચ્ચાર કરી અમો બેઉના મસ્તકે તેમના પવિત્ર કરસ્પર્શ કરી ત્યાંથી અદ્રષ્ટ થઇ ગયા.

" બીજી વસંત રૂતુમાં મહારા અનહદ આનંદમાં નિમગ્ન થઇ તનેલઇ તેજ ઉદ્યાનમાં બાંધેલા એક હીંડોળાપર વનમાંથી પાછાં વળતાં પંખેરાંઓની કિલ–કીલ સાંભળતી–સંધ્યા-કાળની અપૂર્વ શોભા નિરખતી બેઠી હતી પાસેજ તહારા પ્રિયપિતા હાથમાં માધવી કલિકાની સુંદર માળાલઇને તરૂરાજીની સુરસ શોભા નીરખતા હતા—હાય ! તેજ ઘડી ! તેજ પળ ! હું તે વખતે સુખના અત્યુત્તમ શિખરપર આરૂઢ હતી. તે વખતે સુખની પરમાવધિ થઇ હતી. મહારાં આનંદ અશ્રુથી ભિંજાયલો તહારો કપોળ પ્રદેશ હું ચુમતી હતી. તું તે વખતે તાહરો આરક્ત ઓષ્ટ હાલુ હાલુ હલાવતો હતો. નાજુક હાથે મહારો કંઠપ્રદેશ તું નીચો

નમાવવાનો મીથ્યા પ્રયાસ કરતો હતો—એટલામાં દશભિય કાય માનવ રાક્ષસો મહારી સામે આવીઉભા. આ આફત જોઈ મ્હેં આર્ત નાદ કર્યો. મહારો તે આર્તરવ સાંભળી પાસેની લતાકુંજમાંથી પ્રિયકર દોડતા આવી ઉભા ને આ બનાવ જોઈ આશ્ચર્યચકિત થઇ ગયા. ને પોતાની સમરવિજયી અસિલતા નગ્ન કરીને તે યમદૂતોને કઠોર અવાજથી કહ્યું તમે ઉદ્યાનમાં કોની આજ્ઞાથી પ્રવેશ કર્યો ?

તે દશમાંથી કોઇ પણ બોલ્યો નહીં. માત્ર પોતાની વિકાળ તલવારો ઉંચકી સર્વેએ એકદમ પ્રાણેશ પર હલ્લો કર્યો. આ આકસ્મિત પ્રસંગ જોઇ હું મોટમોટેથી બુમો પાડીને પહેરેગિરોને બોલવવા લાગી. પણ તે વખત કોઇ પણ આવ્યું નહીં. તહારા પિતા શુરવિર હોઇને પણ દશભિયકાય ક્રુર પાસે કેટલીવાર ટકીશકે ? મ્હેં મારૂં મન પથ્થર જેવું કઠણ કર્યું છે. તને આ પત્ર લખતી વખતે એક પણ અશ્રુ આંખમાં નથી. તહારા પિતાએ વિરોચિત કર્મ કરી સ્વર્ગની વિજયમાળ પસંદ કરી. આ જોતાંજ હું એકદમ મુર્છાગત થઇ પડી–આ વખતે તહારૂં તો મને ભાન પણ ન હતું.

" સાવધ થઇ જોઉં છું તો–મહારા ખાસ પહેરાવાળા સાત શીપાઇઓ અને મહારી પ્રાણ દાત્રી લિલા જખમોની મર્માંતિક વેદનામાં રીબતી ઉભી હતી.

" મને સ્વર્ગીયરોહણ કરવાની તિવ્ર ઉત્કંઠા થઇ છે એટલે ટુંકમાંજ લખું છું. તપાસને અંતે માલુમ પડ્યું છે કે તહારા પિતાના ખુદ પ્રધાન અમરરાયે–મહારા અનુપમ સૌંદર્ય પર અંધ બનીને મહારી તથા રાજ્ય લાલસાથી આ દુષ્ટ કૃત્ય કર્યું છે. મને અને ત્હને નિર્ધારિત ઠેકાણે લઇ જવાના લિલાવતિના આગ્રહને વશ થઇ ગુપ્ત માર્ગે આ ઠેકાણે હું ચાલી આવીછું.

" બધી મોહમાયાને અળગી કરી, લિલા તથા બીજીઓની વિનંતી ન સ્વીકારતાં સતિ થવાનો મહારો નિશ્ચય કાયમ રાખ્યો છે, ને તેજ વખતે આ પત્ર લખ્યો છે. તું વિશ વર્ષનો ન થાય ત્યાં સુધી આ પત્ર તને નહી આપવાનું કારણ એજકે, ધનુર્વિદ્યા શીખવાની ત્હારે ખાસ જરૂર હોવાથી, અને તે શીખવાને લાંબો વખત લાગતો હોવાથી ત્યાં સુધી તને આ બીના કહી દુખીને નિર્બળ કરીનાંખવો ઠીક ન લાગ્યું. આ કર્મકહાણી તને પૂર્વે સમજાઇ જાય તો તું કદાચ દુખ કરતો બેશી રહે અગર કઇક અવિચારી કાર્ય કરી પોતાનાજ નાશનો કારણભૂત થઇ પડે. હવે તને સર્વ સમજાયું હશેજ. તહારા શત્રુનો નિપાત કરીને તું તહારૂં રાજ્ય પુનઃ પાછું મેળવીશ એવી મહારી પકી ખાત્રી છે–વા આજ્ઞા છે. કોઇ પણ જાતના મોહમાં ન ફસાતાં આ તહારૂં કાર્ય–કર્તવ્ય પૂર્ણ કર. આકાશમાં રહીને હું તહારૂં પ્રત્યેક કાર્ય જોઇશ. મહારી પ્રીય લિલાને મહારે ઠેકાણે માનજે. તેનું અપમાન કદી કરીશનાતે તહારીસાથે રાજસ્થાનમાં આવશે નહીં–રાજસ્થાનમાં તહારે એકલાનેજ જવું પડશે. વધું શું કહું ! લિલા તને પૂર્ણ સાહ્યકારી છે. પ્રત્યેક શુભકાર્યમાં તને યશ પ્રાપ્ત થાઓ એવો તને મહારો આશીર્વાદ છે.

" બસ તહારા કાર્ય નો આરંભ કર ! મહારા પ્રિય પતિ સ્વર્ગમાં રાહજોતા હશે. તું પૂર્ણ સુખીથા. એજ તહારી દુખી–પતિવિયોગી–જનનીના છેલ્લા આશીર્વાદ.

નિર્મળ કુમારી. "

અરેરે ! માતૃપિતૃહિન બિચારા દુર્દૈવી અજીત ! આ વખતે તેની શું દશા ! વિશ વર્ષના લાંબા વિયોગના અંતે–લાંબા દુઃખાવધિના પરિણામે–શું માતાપિતાના દુઃખદાયક મોત–આફત ભરી ફરજ–ને જીવનને અસ્તાવ્યસ્ત કરીનાંખે તેવા કઠીન પ્રસંગોજ તેને માટે સરજાયા હતા !

પત્રિકા વાંચી–તેને ત્રણવાર પ્રણામ કરી અજીતસિંહ નિશ્ચલ હૃદયથી પોતાની સ્થિતીનું અવલોકન કરવા લાગ્યો. તેને પોતાના કર્તવ્યની ઓળખ થઇ. જીવનનો અનેક પડદા વાળો રંગ બેરંગી ઇતિહાસ, પૂર્વ ગત અનેક બનાવોની ઘટના, તેના હૃદયમાં એક પછી એક તરી આવવા લાગી. નેત્રમાં પ્રબળ વેગથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. તે સમજી શકતો નથી કે હૃદયનો ભાર વધે છે કે ઘટે છે !

લિલાના કહેવા મુજબ દ્વારપર હાથ મારતાંજ નિસ્તેજ લિલા તેની પાસે આવી ઉભી. તે આવતાંજ અજીતે અતિશય નમ્રતાથી તેને સાષ્ટાંગ નમસ્કાર કર્યો. લિલાએ તેને ઉઠાડી હૃદય સરસો ચાંપી કહ્યું. " બાળ અજીત ! ત્હને ત્હારી ઓળખ પડી.

" માતુશ્રી ! હા ! હું મ્હારૂં કર્તવ્ય બજાવવાને તૈયાર છું. મ્હારી માતાની આજ્ઞા પૂર્ણ કર્યા શિવાય હવે મને બીજા કુલ આનંદ થનાર નથીજ ને હું શાંતિ પણ પામનાર નથી.

" બાળ અજીત તું શાણો છું. તું સર્વ કાંઇ સમજી શકે છે તોપણ તને ચાર શબ્દ કહું છું. મન એ સ્વભાવતઃ મોટી ચંચળ વસ્તુ છે. એટલા માટે પ્રત્યેક વિચારશીલ પુરૂષોએ તેને પ્રત્યક્ષપણે અગર અપ્રત્યક્ષપણે બહિર્મુખ થવા દેવું નહી. પ્રાણી જન્મ્યો કે તેને મૃત્યુ આવવાનુંજ તે કોઇપણ ઉપાયે ટળવાનુંજ નહીં. માટેજ તને કહું છું કે જે ઠેકાણે મૃત્યુ પામતા છતાં પણ કીર્તિ મેળવીને છેવટે મુક્તિ મળવાની છે ત્યાંથી પાછા પડીને આપણું જીવન વ્યર્થ થવા દેવું નહીં. સમરાંગણમાં પીઠ ન બતાંવતાં પરાક્રમ બતાવીને વિરશય્યા પર દેહ પાડવો એજ શુરાનું સર્વમાન્ય મરણ છે. શત્રુ છતાં પણ સંકટ વખતે તેને સાહાય કરવી એ આપણું કર્તવ્ય ગણાય. વિરોચિત સાહસ સિવાય રાજપુત વિર કદાપિ જગતવંદ્ય થઇ શકતો નથી. ધ્યાનમાં રાખ ! ત્હારે હજી ઘણાં કામ કરવાનાં છે. આજની રાત અત્રે રહી પ્રાતઃ ! કાળે ઉત્તરાભિમુખ થઇને જા. કાલથી તહારૂ જીવન જુદી પરિપાટીમાં મુકાશે. ભુતકાળ કદી ભુલતો ના. કર્તવ્ય કરનારે કદિપણ મરવું નથી એમ વિચારવું. જા પિતાને પગલે ચાલ તહારી માતાની કુક્ષિ દિપાવ. **देहंपातयामि वा अर्थं साधयामि** એ મંત્ર કદી વીસરતો ના. દિર્ઘાયુ થા.

"આપણો હું આભારીછૂં—જનની ! આપે આપેલો અમોલિક ઉપદેશ હું કદિપણ વિસરીશ નહિં. મ્હારા પર આપની કૃપા છે—એજ બસ છે–પણ અહા કેવળ નજદીકજ આવો ભિષણ–ભયંકર સિંહનાદ–સાંભળી યુવરાજ બોલતો અચકી ગયો ને પોતાની તલવાર ખુલ્લીકરી તે અવાજને અનુસરતો દોડતો ચાલ્યો.

ચાલુ.

**પાદરાકર.**

# श्रीहीर सौभाग्य महाकाव्य.

## પંડિત શ્રી દેવવિમળ ગણિકૃત.

( અનુવાદક. વકીલ. ડાહ્યાભાઇ પ્રેમચંદ )

## સર્ગ ૧ લો.

સુધાશનો ( દેવો ) ના અધીશો ( ઇંદ્રો ) ના મુગટરૂપ જેમના બે ચરણો છે તથા જેમની કીર્તિ ત્રણે જગતને જોવાને ઇચ્છાવાળી હોય તેમ ત્રણ રૂપ ( શરીર ) વાળી દેવ નદી ( ગંગારૂપ ) થઇ છે તેવા તે શ્રી પાર્શ્વાધિપતિ લક્ષ્મી આપો. ૧

અંધકારનો નાશ કરનાર રાત્રિના સ્વામી ( ચંદ્ર ) નું પૂર્ણ બિંબ જેમ ચકોરીઓને આનંદ પમાડે છે તેમ જે વિદ્વાનોની દૃષ્ટિને આનંદ આપે છે તે પાપનો નાશ કરનારી સરસ્વતી દેવીને હું ભક્તિથી પ્રણામ કરૂછું. ૨

જેમની અમીદૃષ્ટિથી મૂર્ખ માણસ પણ શાસ્ત્રના તમામ રહસ્યો ને જાણનારાઓમાં શ્રેષ્ટ બની બૃહસ્પતિ કરતાં પણ ( બુદ્ધિમાં ) ચઢી જાય છે તે ગુરૂ ( મારા ઉપર ) પ્રસન્ન થાઓ. ૩

જે સન્તોની બુદ્ધિ કવિઓના કાવ્યરૂપી સોનાને પારખવાને કસોટીના પથ્થર જેવી છે અને જેઓ ગંગા નદીના પ્રવાહ જેવા શુદ્ધ મનવાળા છે તે મહાત્મા પુરૂષો મારા ઉપર પ્રસન્ન થાઓ. ૪

મધમધાયમાન સુગંધથી તમામ દિશાઓને સુવાસિત કરનાર ચંદનવૃક્ષની પેઠે ( પોતાની ) કીર્તિ ( સર્વ ) દિશાઓમાં ફેલાવનાર તથા કુરા ( શેઠ ) ના વંશરૂપી આકાશમાં પ્રકાશ કરનાર સૂર્ય જેવા તે સાધુઓના ઇંદ્ર ( શ્રી હીરવિજયસૂરીશ્વર ) નુ ચરિત્ર હું રચું છું. ૫

તે સૂરિનુ વાણીથી વર્ણવી ન શકાય તેવું ચરિત્ર કયાં અને અલ્પ સ્ફુર્તિવાળી મારી બુદ્ધિ કયાં ! છતાં આ કાવ્ય રચવાનો મારો પ્રયત્ન મોહને લીધે હાથની આંગળીઓથી આકાશને માપવા જેવો છે. ૬

( પોતાની બુદ્ધિના પ્રકર્ષે કરીને જેણે બૃહસ્પતિનો પણ પરાભવ કર્યો છે તેવો ) કોઇ પુરૂષ ( કદાચ ) ગંગા નદીના કાંઠાની રેતીના કણ માપી શકે તથા સમુદ્રના જળ બિંદુઓ ગણી શકે, વળી ( આકાશના ) તારાઓનું પ્રમાણ કરવાને શક્તિમાન થાય તે પુરૂષ પણ ( તપ ) ગચ્છમાં ચંદ્ર ( સમાન શ્રી હીરવિજયસૂરીશ્વર ) ના ગુણ વર્ણવી શકે તેમ નથી. ૭

જે સૂરીશ્વરના ચરિત્રનું બૃહસ્પતિ પણ વર્ણન કરવાને અશક્ત છે તે ચરિત્ર કથવાને હું શી રીતે શક્તિવાન થઉ ? જે ચંદ્ર પર્વતના શીખરની ટોચે પહોંચેલા પ્રાણીને પણ મળવો દુર્લભ છે તે ચંદ્ર નીચે જમીન ઉપર રહેલ મનુષ્ય શી રીતે મેળવી શકે ? ૮

અથવા ( શ્રી હીરવિજય ) પ્રભુના પ્રભાવથી આ કાવ્ય રચવાને હું કેમ શક્તિવાન ન થઉં ? શું લુલો મનુષ્ય ઉત્તમ દેવની કૃપાથી મેરૂ પર્વતના શીખર ઉપર (જઇ) ક્રીડા નથી કરી શકતો. ? ૯

( હીમવંત પર્વત આદિ સ્થાનોમાં ક્રીડા કરવા આવેલા ) દેવો, દાનવો તથા મનુષ્યો ( તેમાં હોવા ) ને લીધે ત્રણ લોકની લીલાને પોતે ધારણ કરતો હોયની શું તેમ (પતિવ્રતા) સ્ત્રીઓથી સેવાએલા પ્રેમના પાત્રભૂત ( તેમના ) પતિની પેઠે સમુદ્રની ભરતીના કલ્લોલોથી વીટાંએલો જંબુદ્વીપ આ જગતમાં (વર્તે) છે. ૧૦

કૈલાસ પર્વતની કાંતિરૂપી જેના ચામર છે, ચંદ્રરૂપી જેનું છત્ર છે, દીશાઓરૂપી વારાંગનાઓ જેની સૂર્યરૂપી દીવો લેઇને જાણે આરતી કરતી હોયની શું, સમુદ્રમર્યાદારૂપી સ્ત્રીઓ જેને જળબિંદુ રૂપી મોતીથી જાણે વધાવતી હોયની શું, નદીઓ રૂપી જેની બળવાન સેના છે એવા તે જંબુદ્વીપની સ્તુતિકારો જેમ રાજાઓની સ્તુતિ કરે છે તેમ સમુદ્રના તરંગો ગંભીર સ્વરોથી જાણે સ્તુતિ કરતા હોયની શું ? ૧૧-૧૨

ચંદ્ર અને સૂર્ય રૂપી જેનાં ચક્ર છે, જે મોટા ખંડોનો સ્વામિ છે, રત્નોનો ભંડાર જેમાં અસંખ્ય છે, અસંખ્ય દ્વીપોના રાજાઓથી સેવાયેલા ચક્રવર્તિની પેઠે જે શોભે છે તે જંબુદ્વીપનો વૈભવ અદ્ભુત છે. ૧૩

વચમાં ચળકતા મોતી અને રત્નોની હારોથી શોભતા સમુદ્રરૂપી વસ્ત્ર જેને ધારણ કર્યું છે, શોભાયમાન જગતીના કોટ રૂપી જેનો સોનાનો કંદોરો છે, સૂર્ય અને ચંદ્રરૂપી જેના ( કાનના ) કુંડલો છે, બન્ને સંધ્યાની કાન્તિરૂપી કુંકુંમ જેના ખોળામાં પડે છે તેવા ઉદયાચળ અને અસ્તાચળ ( નામના ) બે પર્વતોરૂપી જેના સ્તન છે, એવી (જંબુ) દ્વીપની લક્ષ્મિના તારારૂપી નિર્મળ મોતીના હારનું જાણે ચકતુ હોયની શું તેમ તે જંબુદ્વીપને વિષે મેરૂ પર્વત શોભે છે. ૧૪-૧૫

પીત્ત અને શ્વેત રંગથી ઉલ્લસિત તથા ઉન્નતપણાની જેમાં શોભા છે, જેમાંથી ઝરાઓ ( ના પ્રવાહો ) ની પ્રવૃતિ છે, ભદ્રશાળી ( નામનું વન ) જેમાં વિકસિત થયેલું છે, સૂર્ય ચંદ્ર રૂપી જેમાં બે ઘંટ છે અને ગ્રહો રૂપી જેમાં ઘૂઘરીઓ છે તે સુવર્ણનો શીખરી ( મેરૂ પર્વત ) તે ( જંબુ ) દ્વીપમાં હાથીની પેઠે શોભે છે. ૧૬

યાચકો હાથ લાંબા કરીને ધનવાનો પાસે જાણે સોનાની માગણી કરતા હોય તેમ જ્યોતિષ મંડળ સુવર્ણના શીખરવાળા ( મેરૂ ) પર્વતની આસપાસ કિરણો પ્રસારીને પ્રદક્ષણા કરી તે ( જંબુદ્વીપ ) ને નમે છે. ૧૭

પાસે કેશનો સમુહ હોય તેમ જેની નજીક લવણ સમુદ્ર છે, તિલકની શોભા હોય તેમ જેમાં શત્રુંજય પર્વત છે, ( જંબુ ) દ્વીપની લક્ષ્મીનું લલાટ હોયની શું તેવો તે ( જંબુ દ્વીપ) માં ભારત નામા ખંડ શોભતો હતો. ૧૮

જીતેલા દ્વીપોની શ્રેણી પાસેથી લીધેલા ઘણા કાળથી ઉત્પન્ન થયેલા રત્નોના નજરાણાના સમુહોના ભંડાર રાખવાનું ધામ પૃથ્વીપતિઓ બનાવે છે; તેમ ( જંબુ ) દ્વીપે આ ( ભરત ) ખંડને નિધિનું ધામ જાણે બનાવેલું હોયની શું ? ૧૯

યમુના નદીના ( પાણીના ) વમળના વિલાસથી શોભાયમાન સ્ત્રીઓના ( માથાના ) વાળના સેંથાથી સળંગ બે ભાગ પડે છે તેની પેઠે તે ભરત ક્ષેત્રની ભૂમીના સળંગ બે ભાગ વૈતાઢય પર્વતે પોતાના શરીરથી કરેલા હતા. ૨૦

પોતાની લક્ષ્મીથી જીતેલા અને તેથી સેવા કરતા પાતાળ અને સ્વર્ગ લોક દ્વીપ રૂપી

રાજાની પાસે જાણે આવ્યા હોયની શું તેમ વૈતાઢ્ય પર્વતથી થયેલા તે ભરત ક્ષેત્રના બે વિભાગો શોભી રહ્યા હતા. ૨૧

સ્વચ્છંદ ક્રીડાને લીધે ચંચળ થયેલી ( ભરત ) વર્ષની પવનથી તરંગ યુક્ત થયેલી અને લક્ષ્મીના માથેથી જમીન ઉપર પડી ગયેલી જાણે શ્વેત ઓઢણી હોયની શું એવી ગંગા નદી તે ( ભરતક્ષેત્ર ) માં શોભે છે. ૨૨

બ્રહ્માએ લક્ષ્મીને વિષ્ણુની સાથે ક્રીડા કરવા માટે વિલાસ ગ્રહ જાણે બનાવ્યું હોયની શું તેવો ભરતક્ષેત્રના દક્ષિણાર્ધ ભાગમાં સ્વર્ગના અહંકારને પૂર્ણ રીતે હરવાવાળો ગુજરાત નામે દેશ છે. ૨૩

તમામ રાજાઓમાં દીશાઓના ચક્રને જીતનાર સાર્વભૌમ રાજાની પેઠે તે વિશેષ શોભાવાળો ( તે ગુજરાત ) દેશ સકળ દેશો કરતાં વધારે સુંદરતા ધારણ કરતો હવો. ૨૪

વર્ણન ન કરી શકાય તેવી સુરસ્વામિ ( ઇંદ્ર ) ને ભજનારી, દેવોને લીધે રમ્ય, તથા કૃષ્ણ તથા ઇંદ્ર સહીત એવી અમરાવતી ( નગરીઓ ) જેવી તે ( ગુજરાત દેશ ) માં નીતિમાન રાજાને ભજનારી, પંડિતો વડે મનોજ્ઞ તથા સુભટોવાળી નગરીઓ શોભે છે. ૨૫

પૂર્વે પર્વતોના શત્રુ ( ઇંદ્રે ) કુબેરની પાસે વિનીતા ( નગરી ) વસાવી હતી તેમ તે દેશમાં ભરત ચક્રવર્તીએ શત્રુંજય પર્વતની તળેટીમાં ( વાર્ધિક રત્ન પાસે ) આનંદપુર નામનું નગર વસાવેલું હતું. ૨૬

કરોડો મુનીશ્વરોની મુક્તિ રૂપિ સ્ત્રીની સાથેના વીવાહની સ્વયંવર ભૂમી હોયની શું તેવી તે ( ગુજરાત ) દેશમાં કૈલાસ પર્વતની ઉપમાને લાયક તે ઉંચા તારંગા પર્વત ઉપર કોટિ શિલા ( નામની ભૂમિ ) છે. ૨૭

જાણે કે મોક્ષરૂપી ચંદ્ર શાળાએ ચઢવાને સાત પગથીઆની નીસરણી હોયની શું તેમ ( કુમારપાળ રાજર્ષિએ તે ( તારંગા ) પર્વત ઉપર સાતમાળનું જિનમંદિર કરાવેલું હતું. ૨૮

જાણે ગંભારતાથી પરાજીત પામેલા સમુદ્રે ભેટ આપેલો હોયની શું તેવા હાથીના લાંછન વાળા વિજયાના પુત્ર ( અજીતનાથ ) તીર્થંકર ( ની પ્રતિમા ) ને તે (કુમારપાળ) રાજર્ષિએ તે (જીનમંદિરમાં) સ્થાપન કરેલીહતી. ૨૯

જેમ સુમંગળાના પુત્ર ( ભરત ચક્રવર્તિ ) એ શત્રુંજય પર્વતનું તીર્થપણું જગતમાં પહેલું પ્રચાર કર્યું હતું તેમ કુમારપાળ રાજર્ષિએ માથે જેમ મુગટ હોય તેમ જીનમંદિર કરીને પૃથ્વીમાં આ ( તારણગીરી )ના શીખરનું તીર્થત્વ પહેલ વહેલું પ્રખ્યાત કર્યું. ૩૦

*બ્રહ્માએ જગતના લોકોની ઇષ્ટ સિદ્ધિને માટે મેરૂપર્વત ઊપરથી કલ્પવૃક્ષ લેઇને જમીનમાં વાવેલું હોયની શું તેમ તે ગુજરાત દેશમાં વળી જેમની સમીપ નીરંતર પાર્શ્વયક્ષ રહે છે, તે શંખેશ્વર પાર્શ્વનાથનું તીર્થ જાગતુ છે. ૩૧

પૂર્વે નમિ તથા વિનમિ નામના બે વિદ્યાધરેન્દ્રોએ તે સંખેશ્વર પાર્શ્વનાથના બીંબની પૂજા કરેલી હતી. તે પછી ઇંદ્રે સ્વર્ગમાં રહીનેજ તે બીંબની જાણે મોક્ષની ઇચ્છાને માટેજ હોયની શું તેમ પૂજા કરેલી હતી. ૩૨

કેટલોક કાળ પૂજાયા પછી ઇંદ્રે તે બીંબને ગીરનાર પર્વતના શીખર ઊપર સ્થાપના

* લોકોક્તિ.

કરી ત્યાંથી નિવૃત્તિની ઇચ્છાવાળા સૂર્ય તથા ચંદ્ર દેવતાઓએ દેવોનું માણેક હોય તેમ તે બીંબ મેળવીને પોતાના વિમાનોમાં પધરાવીને તે બીંબની પૂજા કરતા હવા. ૩૩

ત્યાં કેટલાક કાળ પૂજ્યા પછી ચંદ્ર અને સૂર્ય દેવતાઓએ પોતાનું સર્વસ્વ હોય તેમ તે પાર્શ્વનાથના તે બીંબને પૂર્વની પેઠે ઊજ્જયંત પર્વત ઊપર સ્થાપના કરી તે વાત જાણીને નાગેંદ્ર પૂજાને અર્થે પોતાના ધામ ( પાતાળમાં ) લાવતો હવો. ૩૪

કેટલોક કાળ વિત્યાબાદ કૃષ્ણ ( નારાયણ ) નેમેશ્વર ભગવાનની વાણીથી અઠમનો તપ કરી ઇંદ્રની આરાધના કરીને તે ઇંદ્રની પાસે તે ( શંખેશ્વર પાર્શ્વનાથ ) જીનેશ્વરને મંગાવતા હવા જેમ પોતાના શત્રુના વીજયજ હોયની શું તેમ ૩૫

જેમ સૂર્યનારાયણે બાણુ કવીનો કોડ પોતાના કીરણોથી નાશ કર્યો હતો તેમ તે બીંબના ન્હવન જળથી ( નવણના પાણીથી ) સઘળા જાદવોનું ઘડપણ દૂર થયું હતું. ૩૬

જે સ્થળે પોતાની સેનાની રક્ષણાર્થે ચારેકોર ભમતા નેમનાથે શંખ વગાડયો હતો તે જગ્યાએ શ્રીકૃષ્ણે પોતાના શત્રુઓના જયનો શીલાલેખ હોયની શું તેમ શંખપુર નામનું પુર વસાવ્યું. ૩૭

( તે નગરમાં ) ગાઢ આનંદવાળા શ્રી કૃષ્ણે જાણે પૃથ્વી ઊપર ઇંદ્રનો મહેલ જ હોયની શું તેવું મેરૂ સમાન ઉંચુ ચૈત્ય કરાવીને તે ચૈત્યમાં સંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપિત કરાવી હતી. ૩૮

પોતે કરાવેલા અને કૈલાસ પર્વતના જેવા સુંદર ચૈત્યને વિષે સજ્જન મંત્રીએ પ્રવેશ કરાવેલું તે બીંબ પોતાના આંગણામાં રોપેલા કલ્પદ્રૂમની પેઠે સર્વે સિદ્ધિઓને આપનાર થતું હવું. ૩૯

વળી નિર્ધન પાસેથી ઐશ્વર્ય ન મળે તેમ દૂર્જન શલ્ય નામના રાજાએ પુરમાં રહેલા સૂર્ય દેવ પાસેથી રૂપ ન પામવાથી જેની આ સાધનાથી કામદેવ સરખું રૂપ પામ્યો તે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું દેવ વિમાનના જેવું ચૈત્ય કરાવ્યું હતું. ૪૦

વાયુ જેમ કમળની સુગંધ પૃથ્વીમાં ફેલાવે છે તેમ શ્રી પાર્શ્વનાથની કીર્તિ પૃથ્વીમાં ( ભગવાનના ) ચરણારવિન્દમાં રહેનાર ભ્રમર પદ્માવતી હજીસુધી ફેલાવે છે. ૪૧

જેમ વૈનતેય (ગરૂડ) સર્પોના આઠકુલોનો નાશ કરે છે તેમ તે સંખેશ્વર પાર્શ્વનાથ મનુષ્યોના આઠ ભયને દૂર કરે છે, વળી તે કૃપાળુ પોતાના ભકતોના હાથમાં આઠ સિદ્ધિઓ આપે છે. ૪૨

સૂર્ય જેમ તેજનો ભંડાર છે તેમ મહાત્માના આશ્રયસ્થાન અને મોક્ષ નગરીએ જતા પ્રવાસીના વળાવા શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ આ કળીકાળમાં પણ પોતાનું તેજ ધારણ કરતા સતા જાગતા છે. ૪૩

તે ગુજરાત દેશમાં વળી શ્રી ખંભાત નગરમાં ધન્વંતરી વૈદ્ય રત્નની પેઠે અભય દેવ સૂરીશ્વરનો કોડનો રોગ જેણે મટાડયો હતો તે શ્રી સ્થંભન પાર્શ્વનાથ અપૂર્વ પ્રસિદ્ધિને પામે છે. ૪૪

( અપૂર્ણ )